સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન


# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 45**

[31/10/21 to 06/11/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**31 OCT-2021**

- દિવસ મહિમા : 31 ઓક્ટોબર, (1) વિશ્વ શહેર દિવસ (2) શ્રીમતી ઈન્દિરાગાંધી પુણ્યતિથિ (3) શ્રી સરદાર પટેલ જન્મદિન, રાષ્ટ્રીય એકતા ..... 02
- વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ..... 02
- DRDO અને ભારતીય વાયુસેના (IAF)એ લોન્ગ રેન્જ બોમ્બનું પરીક્ષણ કર્યુ ..... 14
- QUESTION ANSWERS ..... 15

**01 NOV-2021**

- દિવસ મહિમા : 01 નવેમ્બર, (1) વિશ્વ શાકાહાર દિવસ (World Vegan Day) ..... 18
- ભારતીય નૌકાદળનું ફ્રિગ્રેટ તુશીલ રશિયામાંથી લોન્ચ કરવામાં આવ્યું ..... 18
- ડેરી સહકાર યોજના (Dairy Sahakar Scheme) ..... 19
- QUESTION ANSWERS ..... 20

**02 NOV-2021**

- દિવસ મહિમા : 02 નવેમ્બર, (1) International Day to end Impunity for Crimes Against Journalists (પત્રકારો વિરુધ્ધના ગુના માટે દંડ માફી સમાપ્ત કરવાનો આંતરરાષ્ટ્રીય દિવસ) (2) રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ ..... 21
- ઈટાલીના રોમ ખાતે 16મી G-20 Summit 2021 યોજાય ..... 21
- 18મી ભારત- આસિયાન સમિટ (18th ASEAN- India Summit) ..... 23
- ગંગા ઉત્સવ 2021 (The River Festival 2021) ..... 24
- QUESTION ANSWERS ..... 25

**03 NOV-2021**

- પ્રોજેક્ટ- 15B ક્લાસ ડિસ્ટ્રોયર યુધ્ધ જહાજ : વિશાખાપટ્ટનમ ..... 26
- વ્હીસલ બ્લોઅર પોર્ટલ : IREDA ..... 26
- QUESTION ANSWERS ..... 28

**04 NOV-2021**

- National Sports Awards 2021 ..... 29
- 16મી પૂર્વ એશિયા સમિટ ..... 34
- QUESTION ANSWERS ..... 36

**05 NOV-2021**

- દિવસ મહિમા : 05 નવેમ્બર, વિશ્વ સુનામી જાગૃતિ દિવસ ..... 37
- ભારતીય બોક્સર શ્રી આકાશ કુમારે AIBA 'વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ'માં બ્રોન્ઝ મેડલ જીત્યો ..... 37
- COP 26 સમિટ ..... 38
- QUESTION ANSWERS ..... 40

**06 NOV-2021**

- દિવસ મહિમા : 06 નવેમ્બર, યુધ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને અટકાવવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ ..... 41
- આદી શંકરાચાર્ય ..... 41
- ડ્વેન બ્રાવોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ જાહેર કરી ..... 41
- QUESTION ANSWERS ..... 42

**ONE LINER** ..... 43

**QUESTION OF THIS WEEK** ..... 46


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 31 ઓક્ટોબર, (1) વિશ્વ શહેર દિવસ (World Cities Day)**
**(2) શ્રીમતી ઈન્દિરાગાંધી પુણ્યતિથિ**
**(3) શ્રી સરદાર પટેલ જન્મદિન, રાષ્ટ્રીય એકતા દિવસ (National Unity Day)**



## રાષ્ટ્રીય એકતા દિવસ

ભારતમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન 31 ઓક્ટોબર 'રાષ્ટ્રીય એકતા દિન' તરીકે ઉજવાય છે.

- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારતમાં વર્ષ 2014થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

## રાષ્ટ્રીય એકતા દિવસની રાષ્ટ્રકક્ષાની ઉજવણી

31 ઓક્ટોબર, 2021ના રોજ ભારતમાં ગુજરાતના સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા કોલોની ખાતે આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની રાષ્ટ્રકક્ષાની ઉજવણી કરવામાં આવી હતી.

- આ પ્રસંગે ભારતના ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે શ્રી સરદાર સાહેબની ચરણ વંદના કરી હતી.
- આ પ્રસંગે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે દેશના તમામ રાજ્યોની પોલીસની 'રાષ્ટ્રીય એકતા પરેડ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

નોંધ : (1) આ પ્રસંગે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોમથી વીડિયો મેસેજ દ્વારા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી.

(2) સોમનાથ મંદિરના સાનિધ્યમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે 'રાધે રાધે ગ્રુપ સોમનાથ ટ્રસ્ટ' અને 'વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ગાંધીનગર'ના સંયુક્ત ઉપક્રમે સોમનાથ સમુદ્ર પથ ઉપર આવેલ વોક વે ઉપર 1551 ફૂટ લાંબો અને 10 ફૂટ પહોળા રાષ્ટ્ર ધ્વજને 400 બાળકો દ્વારા લહેરાવવામાં આવ્યો હતો.

(3) 31 ઓક્ટોબર, 2021ના રોજ ભારતમાં શ્રી સરદાર પટેલના 146માં જન્મદિનની ઉજવણી કરવામાં આવી હતી.

## વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'

ગુજરાતના નર્મદા જિલ્લામાં સરદાર સરોવર ડેમ પાસે નિર્માણ પામેલી શ્રી સરદાર સાહેબની 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નામની પ્રતિમાની મુખ્ય વિશેષતા એ છે કે આ પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા છે.

- તેની ઊંચાઈ 182 મીટર અથવા તો 597.113 ફૂટ છે.જે ગુજરાતની 182 વિધાનસભા બેઠકોને પ્રદર્શિત કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કુલ 182 મીટર ઊંચાઈની આ પ્રતિમામાં 25 મીટર ઊંચાઈની એક પીઠિકા બનાવવામાં આવી છે. અને આ પીઠિકા પર શ્રી સરદાર સાહેબની 157 મીટર ઊંચી પ્રતિમા બનાવવામાં આવી છે.

## વિશ્વની કેટલીક પ્રસિદ્ધ પ્રતિમાઓની અંદાજિત ઊંચાઈ

| ક્રમ | નામ | દેશ | ઊંચાઈ (મીટરમાં) |
|---|---|---|---|
| 1 | સ્ટેચ્યુ ઓફ યુનિટી | ભારત | 182 |
| 2 | સ્પ્રિંગ ટેમ્પલ | ચીન | 153 |
| 3 | લેક્યૂન સેટક્યાર | મ્યાનમાર | 116 |
| 4 | ઉશિકુ દાયબુત્સુ | જાપાન | 110 |
| 5 | સ્ટેચ્યુ ઓફ લિબર્ટી | અમેરિકા | 97 |
| 6 | ધી ગ્રેટ બુદ્ધા | થાઈલેન્ડ | 91 |
| 7 | ધ મધરલેન્ડ કોલ્સ | રશિયા | 87 |

નોંધ : (1) સ્ટેચ્યુ ઓફ યુનિટી અમેરિકાના ન્યુયોર્કની સ્ટેચ્યુ ઓફ લિબર્ટીથી લગભગ બમણી ઊંચાઈ ધરાવે છે.

(2) સ્ટેચ્યુ ઓફ યુનિટી બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે આવેલી ધ સ્ટેચ્યુ ઓફ ક્રાઈસ્ટ ધ રેડીમર કરતાં પાંચ ગણી વધુ ઊંચી છે.

(3) સરદાર સરોવર બંધ કરતાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની ઊંચાઈ લગભગ દોઢ ગણી છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું સ્થળ

સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ વિંધ્યાચલ અને સાતપૂડાની ગિરિમાળા વચ્ચે સરદાર સરોવર બંધથી 3.2 કિ.મી. દૂર નર્મદા નદીની મધ્યમાં સાધુ બેટ પર કરવામાં આવ્યું છે.

- આ સ્થળ ગુજરાતમાં નર્મદા જિલ્લાના અગાઉના નાંદોદ અને હવે નવ રચિત ગરૂડેશ્વર તાલુકાના કેવડિયા અથવા તો કેવડિયા કોલોની કે પછી ગરૂડેશ્વર ગામ પાસે આવેલું છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ

સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણની જાહેરાત સૌપ્રથમ 7 ઓક્ટોબર, 2010ના રોજ થઈ હતી.

- ત્યારબાદ 31 ઓક્ટોબર, 2013ને 138મી શ્રી સરદાર જયંતીના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.
- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ અને એના બાંધકામના પ્રચાર માટે ગુજરાત સરકાર દ્વારા ડિસેમ્બર, 2013 દરમિયાન 'સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ' (SVPRET)ની રચના કરવામાં આવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ માટે પ્રારંભિક રૂા. 3,001 કરોડનો ખર્ચ થવાનો અંદાજ હતો.
- આ સ્ટેચ્યુના નિર્માણ કાર્યનો વર્ક ઓર્ડર 27 ઓક્ટોબર, 2014ના રોજ ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આશરે રૂા. 2,989 કરોડના ખર્ચે લાર્સન એન્ડ ટુબ્રો (L & T) નામની કંપનીને આપ્યો હતો.
- શ્રી સરદાર સાહેબની આ પ્રતિમાના મુખ્ય ડિઝાઈનર (અથવા તો એન્જિનિયર) શ્રી રામ વાનજી સુથાર નામના શિલ્પકાર હતા.
- શ્રી રામ વી. સુથારનો જન્મ મહારાષ્ટ્રમાં થયો હતો. અને તેમને વર્ષ 1999માં પદ્મશ્રી અને 2016માં પદ્મ ભૂષણ પુરસ્કાર તથા વર્ષ 2016નો ટાગોર સાંસ્કૃતિક સમરસતા પુરસ્કાર એનાયત થયા હતા.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીનું બાંધકામ

સ્ટેચ્યુ ઓફ યુનિટીના બાંધકામ માટે લગભગ 46 મહિનાનો સમય લાગ્યો હતો. 46 મહિનાના આ બાંધકામ સમય સહિત કુલ 5 વર્ષમાં આ સ્ટેચ્યુનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- આ સ્મારકના નિર્માણમાં 70 હજાર ટન સિમેન્ટ વાપરવામાં આવ્યો છે.
- આ ઉપરાંત તેમાં 18,500 ટન રિ–ઈન્ફોર્સમેન્ટ સ્ટીલ અને 6000 ટન સ્ટ્રક્ચરલ સ્ટીલનો ઉપયોગ કરાયો છે.
- જ્યારે આ સ્ટેચ્યુના નિર્માણમાં 1700 મેટ્રીક ટન કાંસાનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.
- આ વિશિષ્ટ સ્મારકના નિર્માણ માટે 250 ઈજનેરો અને 3700 કારીગરોએ દિવસ–રાત કામ કર્યું છે.
- સ્ટીલ, કોંક્રીટથી બનેલી આ પ્રતિમા પર કાંસાનું આવરણ છે. કાંસ્ય આવરણથી આ પ્રતિમા વધુ અલૌકિક ભાસે છે.

નોંધ : (1) પ્રવાસીઓની સરળતા માટે 'સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય એકતા ટ્રસ્ટ' (SVPRET) દ્વારા ઓનલાઈન ટિકિટ બુકિંગ માટે www.soutickets.in નામની એક વેબસાઈટ પણ લોન્ચ કરવામાં આવી છે.

(2) હાલ જે સ્થળે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું નિર્માણ થયું છે તે સ્થળ ભારતની આઝાદી અગાઉ 'રાજપીપળા સ્ટેટ'નો એક ભાગ હતો.

(3) આઝાદી બાદ સત્તાવાર રીતે 10 જૂન, 1948ના રોજ રાજપીપળા સ્ટેટનું મુંબઈ રાજ્યમાં વિલીનીકરણ થયું હતું.

(4) એ સમયે 'રાજપીપળા સ્ટેટ'ના શાસક શ્રી વિજયસિંહજી હતા. શ્રી વિજયસિંહજી, ગોહિલ વંશના 37મા રાજવી હતા.

(5) સ્ટેચ્યુ ઓફ યુનિટીની પાયા સાથેની ઊંચાઈ 240 મીટર એટલે કે લગભગ 790 ફૂટ છે.

(6) સ્ટેચ્યુ ઓફ યુનિટીની વેબસાઈટનું નામ 'www.statueofunity.in' છે.

(7) આ પ્રતિમા ભૂકંપના ઝોન-3માં આવેલી છે. તેમ છતાં પ્રતિમાના કદને ધ્યાનમાં રાખીને તેની ડિઝાઈન ભૂકંપના ઝોન-4 પ્રમાણે બનાવવામાં આવી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

## જન્મ અને પરિવાર

અખંડ ભારતના શિલ્પી, ભારતના બિસ્માર્ક, લોખંડી પુરુષ તથા ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન શ્રી વલ્લભભાઈ પટેલનો જન્મ 31 ઓક્ટોબર, 1875ના રોજ તેમના મોસાળ નડિયાદમાં થયો હતો.

- જોકે તેમની સાચી જન્મ તારીખ વિશે કોઈ નક્કર માહિતી ઉપલબ્ધ નથી, પણ મેટ્રિકની પરીક્ષામાં તેમણે તેમની જન્મતારીખ 31 ઓક્ટોબર લખાવી હતી. આથી તેમની જન્મ તારીખ 31 ઓક્ટોબર હોવાનું માનવામાં આવે છે.
- શ્રી સરદાર પટેલનો જન્મ ખેડા જિલ્લાના નડિયાદ ખાતે થયો હતો, જ્યારે તેમનું વતન ખેડા જિલ્લાના આણંદ તાલુકાનું કરમસદ ગામ હતું.
- તેમના પિતાશ્રીનું નામ શ્રી ઝવેરભાઈ હતું અને તેમના માતાનું નામ લાડબાઈ હતું.
- શ્રી સરદાર પટેલ તેમના માતા–પિતાના ચોથા સંતાન હતા.
- શ્રી ઝવેરભાઈ પટેલ અને લાડબાઈને છ સંતાનો હતા. તેમના આ છ સંતાનોના નામ આ પ્રમાણે છે : (1) શ્રી સોમાભાઈ (2) શ્રી નરસિંહભાઈ (3) શ્રી વિઠ્ઠલભાઈ (4) શ્રી વલ્લભભાઈ (5) શ્રી કાશીભાઈ અને (6) ડાહીબા.
- શ્રી સરદાર પટેલના પત્નીનું નામ ઝવેરબા હતું.
- તેમના પુત્રીનું નામ મણિબેન અને પુત્રનું નામ શ્રી ડાહ્યાભાઈ હતું. તેમજ તેમના પૌત્રનું નામ ગૌતમ હતું.

નોંધ : શ્રી સરદાર પટેલના પિતા શ્રી ઝવેરભાઈ પટેલ 1887ના વિપ્લવમાં ઝાંસીની રાણીના લશ્કરમાં જોડાઈને અંગ્રેજો સામે લડયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અભ્યાસ

શ્રી વલ્લભભાઈ પટેલનો સાત ધોરણ સુધીનો અભ્યાસ કરમસદની ગુજરાતી પ્રાથમિક શાળામાં જ થયો હતો.

- તેમના અભ્યાસની શરૂઆત ઈ.સ. 1882માં સાતેક વર્ષની ઉંમરે થઈ હતી.
- તેમણે ઈ.સ. 1888માં સાતમું ધોરણ પાસ કર્યું હતું.
- ત્યારબાદ અંગ્રેજી શિક્ષણ મેળવવા માટે તેમણે પેટલાદની સ્કૂલમાં એડમિશન લીધું હતું.
- તેમણે ધોરણ ચાર સુધીનું અંગ્રેજી શિક્ષણ પેટલાદમાં લીધું હતું.
- જ્યારે તેઓ અંગ્રેજીના ચોથા ધોરણમાં હતા ત્યારે ઝવેરબા સાથે તેમના લગ્ન થયા હતા. એ સમયે તેમની ઉંમર 18 વર્ષની હતી.
- ત્યારબાદ અંગ્રેજીના પાંચમા ધોરણના અભ્યાસ માટે તેઓ નડિયાદ આવે છે. જ્યાં નડિયાદની સ્કૂલમાં તેમણે હડતાલ પણ કરાવી હતી.

- ત્યારબાદ અંગ્રેજીના છઠ્ઠા ધોરણના અભ્યાસ માટે તેઓ વડોદરા આવ્યા. અંગ્રેજીના છઠ્ઠા ધોરણમાં તેમણે પહેલાં સંસ્કૃત વિષય પસંદ કરેલો અને પાછળથી તેમણે ગુજરાતી વિષય રાખ્યો હતો.એ સમયે તેમના ગુજરાતીના શિક્ષક શ્રી છોટાલાલ માસ્તર હતા.
- શ્રી છોટાલાલ માસ્તરે શ્રી વલ્લભભાઈ પટેલને શિક્ષા રૂપે 200 પાડા લખવા આપ્યા હતા. અને શ્રી છોટાલાલ માસ્તરે 200 પાડા માંગ્યા તો શ્રી સરદાર પટેલે જવાબ આપ્યો કે,

  "હું બસ્સો પાડા લાવેલો પણ બે પાડા મારકણા હતા
  તે શાળાના ઝાંપે ઝઘડયા અને એમાં બાકીના પાડા પણ નાસી ગયા !!!
- આથી, શ્રી છોટાલાલ માસ્તરે શ્રી વલ્લભભાઈ પટેલને એક દિવસ પછી બસ્સો પાડા લખી લાવવા ચેતવણી આપી.
- બીજે દિવસે શ્રી વલ્લભભાઈ એક કાગળમાં 'બસ્સો પાડા' એવું લખીને ગયા. આથી શ્રી છોટાલાલ માસ્તર ગુસ્સે થયા અને શ્રી વલ્લભભાઈને આચાર્ય સાહેબ સમક્ષ પેશ કર્યા.
- શ્રી વલ્લભભાઈ પટેલે ઘટનાની અસરકારક રજૂઆત કરી અને તેઓ નિર્દોષ હોવાથી આચાર્ય સાહેબે તેમને 'બાઈજ્જત રિહા કરી દીધા. વડોદરામાં તેઓ 'ધી થર્ટી ફાઈવ' નામના વિદ્યાર્થીઓના એક ગ્રૂપના સભ્ય પણ હતા. અને તેઓ વડોદરામાં કમાટીબાગના રામજી મંદિરમાં છાત્રાલય ખોલીને રહેતા હતા.
- શ્રી વલ્લભભાઈ અંગ્રેજીના સાતમા ધોરણના અભ્યાસ માટે વડોદરાની શાળા છોડીને ફરીથી નડિયાદની શાળામાં સાતમા ધોરણમાં દાખલ થયા.
- તેઓ ગણિતમાં કાચા હોવાથી પ્રથમ પ્રયાસે મેટ્રિકની પરીક્ષા પાસ ન કરી શકયા. ત્યારબાદ 1897માં બીજા પ્રયત્ને તેમણે મેટ્રિકની પરીક્ષા પાસ કરી, એ સમયે તેમની ઉંમર 22 વર્ષની હતી.
- ત્યારબાદ તેમણે ઈ.સ. 1900માં ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા આપી અને તેમણે પ્રથમ પ્રયત્ને એ પરીક્ષા પાસ કરી.
- આ પરીક્ષા પાસ કર્યા બાદ તેમણે ગોધરામાં વકીલાત અને ઘરસંસારની શરૂઆત કરી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વકીલાત અને બેરિસ્ટર તરીકેની કારકિર્દી

શ્રી વલ્લભભાઈ પટેલે વકીલાત તરીકેની કારકિર્દીનો પ્રારંભ ગોધરાથી કર્યો હતો. અને ગોધરાના બાર (વકીલ મંડળ)માં નામ નોંધાવ્યું હતું.

- આ સમયે ગોધરામાં બ્યુબોનિક પ્લેગનો રોગચાળો ફાટી નીકળ્યો હતો. ત્યારે આ રોગથી ગ્રસ્ત મિત્રની સેવા કરતા શ્રી સરદાર પટેલ પોતે પણ આ રોગનો ભોગ બન્યા હતા.
- ગોધરા બાદ શ્રી સરદાર પટેલે ઈ.સ. 1902માં બોરસદમાં આવીને વકીલાતનો પ્રારંભ કર્યો, જ્યાં તેમણે ખેડા જિલ્લાના નામાંકિત વકીલ તરીકેની નામના મેળવી હતી.
- ગોધરા અને બોરસદ ઉપરાંત શ્રી સરદાર પટેલે આણંદમાં પણ વકીલાત કરી હતી.
- અને વકીલાત કરીને જ્યારે તેમણે ઈંગ્લેન્ડ જઈને ભણવા જેટલા પૈસા ભેગા કરી લીધા ત્યારે તેમણે ત્યાં જવા માટે પરવાનો તેમજ ટિકિટ બુક કરાવી.

- આ ટિકિટ વી. જે. પટેલના સંક્ષિપ્ત નામે તેમના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલને ત્યાં આવી.
- શ્રી વિઠ્ઠલભાઈની પણ ઈંગ્લેન્ડ જઈ ભણવાની યોજના હતી. અને તેથી તેમણે પોતાની યોજનાની જાણ કરી. આથી, શ્રી વલ્લભભાઈએ તેમના મોટા ભાઈને તેમની જગ્યાએ જવા દીધા. અને તેમનો ઈંગ્લેન્ડ ખાતેનો ખર્ચ પણ ઉપાડયો અને પોતાના ધ્યેય માટે બચત કરવા માંડી.
- 1909માં શ્રી વલ્લભભાઈના પત્નીને કેન્સરના ઈલાજ માટે મુંબઈની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં તેમનું નિધન થયું હતું.
- શ્રી વલ્લભભાઈ પટેલને જ્યારે આ સમાચારની જાણ કરવામાં આવી ત્યારે તેઓ એક પ્રતિષ્ઠિત વ્યક્તિને ખૂન કેસમાંથી બચાવવા માટે આણંદની કોર્ટમાં કેસ લડી રહ્યા હતા. આ સમાચાર મળવા છતાં તેમણે કેસ લડવાનું ચાલુ રાખ્યું અને કેસ પૂરો થયા બાદ તેમણે આ સમાચારની જાણ અન્ય વ્યક્તિઓને કરી.
- તેઓ માત્ર 33 વર્ષની ઉંમરે વિધુર થયા હતા. આથી તેમને બીજા લગ્ન કરવા માટે મિત્રો દ્વારા સતત આગ્રહ થતો. પરંતુ તેઓ સંતાનોને સાવકી મા આપવા માગતા ન હતા. આથી તેમણે બીજી વખત લગ્ન ન કર્યા.
- ત્યારબાદ ઈ.સ. 1910માં પુત્રી મણિબહેન અને પુત્ર ડાહયાભાઈને મુંબઈની સેન્ટ મેરિઝ સ્કૂલમાં મિસ વિલ્સનને ત્યાં 'બોર્ડર' છાત્રા તરીકે મૂકી તેઓ વિલાયત ગયા.
- અને 1913 સુધીમાં ઈંગ્લેન્ડમાં બેરીસ્ટરનો અભ્યાસ પૂર્ણ કરીને ભારત પાછા ફર્યા.
- તેમણે બેરિસ્ટર બનવા માટે ઈંગ્લેન્ડમાં લંડનની 'મિડલ ટેમ્પલ ઈન્ન'માં એડમિશન લીધું હતું.
- ત્યાં તેમણે 36 મહિનાનો અભ્યાસક્રમ 30 મહિનામાં પૂરો કર્યો અને વર્ગમાં પ્રથમ સ્થાને આવ્યા. આ માટે તેમને 50 પાઉન્ડનું ઈનામ મળ્યું અને બે ટર્મની માફી મળી.
- ભારત પાછા આવી તેઓ અમદાવાદમાં સ્થાયી થયા અને શહેરના એક નામાંકિત બેરિસ્ટર બન્યા.
- તેઓ બ્રિજ રમતના માહેર ખેલાડી પણ થયા.
- ઈ.સ. 1918માં ગાંધીજી સાથે ખેડા સત્યાગ્રહમાં જોડાયા બાદ તેઓ વકીલાતનો વ્યવસાય બંધ કરે છે.

## અમદાવાદ સુધરાઈના સભ્ય

અમદાવાદના સુધરાઈના સભ્ય શ્રી અહમદમિંયાસર્ફુદીનનું અવસાન થતાં આ બેઠક પર પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં 1917માં શ્રી સરદાર પટેલ અમદાવાદ શહેરના સ્વચ્છતા વિભાગના અધિકારી તરીકે ચૂંટાઈ આવ્યા હતા.

## આઝાદીની લડતમાં

મહાત્મા ગાંધીજીએ જ્યારે ચંપારણ વિસ્તારના શોષિત ખેડૂતો માટે બ્રિટિશ સામ્રાજ્યની અવમાન્યા કરી ત્યારથી શ્રી વલ્લભભાઈ પટેલ તેમનાથી પ્રભાવિત થયા હતા.

- તેઓ સૌપ્રથમ નવેમ્બર 1917માં ગોધરામાં આયોજિત ગુજરાત રાજનૈતિક મહાસભામાં ગાંધીજીને મળ્યા હતા.
- ત્યારબાદ ગાંધીજીના કહેવાથી તેઓ 'ગુજરાત સભા'ના સચિવ બન્યા.
- આગળ જઈને આ 'ગુજરાત સભા'નું ઈન્ડિયન નેશનલ કોંગ્રેસની ગુજરાતની શાખામાં પરિવર્તન થયું.

## ખેડા સત્યાગ્રહ

1918માં ખેડા જિલ્લાના ખેડૂતોને કરમાંથી મુક્તિ અપાવવા માટે થયેલા સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી ચંપારણ સત્યાગ્રહમાં વ્યસ્ત હોવાને કારણે તેમણે આ સત્યાગ્રહમાં જોડાવા શ્રી સરદાર પટેલને આમંત્રણ આપ્યું.

- આ સત્યાગ્રહ શ્રી સરદાર પટેલનો પ્રથમ સત્યાગ્રહ હતો.
- જેમાં તેમણે ખેડૂતોને મહેસૂલ ન ભરવાની પ્રતિજ્ઞા અપાવી હતી.
- આ સત્યાગ્રહ બાદ શ્રી સરદાર પટેલ ગુજરાતીઓના નાયક તરીકે ઉભરી આવ્યા.

## અસહકારની ચળવળ

શ્રી સરદાર પટેલ 1920માં નવ રચિત 'ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ'ના અધ્યક્ષ તરીકે ચૂંટાયા અને 1945 સુધી આ પદ પર રહયા.

- ગાંધીજીની અસહકારની ચળવળમાં શ્રી સરદાર પટેલે સમગ્ર ગુજરાતમાં પ્રવાસ કરી 3 લાખ સભ્યો ભરતી કર્યા અને તેમણે રૂા. 15 લાખનું ભંડોળ પણ ઉભું કર્યું.
- તેમણે અમદાવાદમાં અંગ્રેજી વસ્તુઓની હોળીઓ કરવામાં મદદ કરી અને તેમાં પોતાના અંગ્રેજી શૈલીના બધા કપડા બાળી નાખ્યા.
- અને આ અસહકાર ચળવળ દરમિયાન જ તેમણે પુત્રી મણિબેન તથા પુત્ર ડાહ્યાભાઈ સાથે સંપૂર્ણ ખાદી પહેરવાનું શરૂ કર્યું.

## અમદાવાદ સુધરાઈના અધ્યક્ષ

શ્રી સરદાર પટેલ 1922, 1924 અને 1927માં અમદાવાદ સુધરાઈના અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા.

- તેમના કાર્યકાળ દરમિયાન વીજળી, શિક્ષણ તથા જળ–કચરાની નિકાસની વ્યવસ્થાના મહત્ત્વના કાર્યો થયા.
- 1927માં અમદાવાદ શહેર તથા ખેડા જિલ્લામાં અનરાધાર વરસાદને કારણે આવેલા પૂરમાં સહાયતા અભિયાનનું સફળ સંચાલન કર્યું.

## નાગપુર (ઝંડા) સત્યાગ્રહ

એપ્રિલ 1923માં નાગપુરના સિવિલ લાઈન્સ વિસ્તારમાંથી રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ કાઢવા માટે અંગ્રેજ સરકારે મનાઈ ફરમાવી હતી.

- ત્યારે ગાંધીજી જેલમાં હતા અને અંગ્રેજોના ભારતીય ધ્વજ ન ફરકાવવાના આ કાયદા સામે સત્યાગ્રહ કરવાનું નક્કી થયું.
- જેમાં કોંગ્રેસીઓએ શ્રી સરદાર પટેલને નાગપુરમાં સત્યાગ્રહની આગેવાની કરવા કહ્યું.
- અને શ્રી સરદાર પટેલે દેશભરમાંથી હજારો સ્વયં સેવકો એકઠા કરીને ધ્વજવંદનનું આયોજન કર્યું. અને વાટા ઘાટો દ્વારા બંદીઓની મુક્તિ કરાવી તથા રાષ્ટ્રધ્વજ સાથે રાખીને સરઘસ કાઢવાની પરવાનગી પણ મેળવી.

## બોરસદ સત્યાગ્રહ

ખેડા જિલ્લામાં બહારવટિયાઓનો ત્રાસ દૂર કરવા અંગ્રેજ સરકાર દ્વારા પોલીસ ટુકડી રાખવામાં આવી. અને એ પોલીસ ટુકડીનો ખર્ચ બોરસદ તાલુકાની પ્રજા પાસેથી મેળવવા રૂા. 2,40,074નો વેરો નાખવામાં આવ્યો.

- અને પુખ્ત વયના દરેક સ્ત્રી–પુરુષો પાસેથી માથાદીઠ રૂા. 2 રૂપિયા અને 7 આનાનો વેરો લેવાનું નક્કી કરવામાં આવ્યું.
- લોકોએ આ દંડરૂપી વેરાને ‘‘હૈડિયાવેરો’’ એવું નામ આપ્યું.
- અંગ્રેજ સરકારના આ નિર્ણયની સામે સત્યાગ્રહ થયો.
- જેમાં જેલવાસને કારણે ગાંધીજીની ગેરહાજરીમાં શ્રી સરદાર વલ્લભભાઈના સીધા માર્ગદર્શન હેઠળ આ સત્યાગ્રહ 38 દિવસ (તા. 2/12/1923 થી 8/1/1924 સુધી) ચાલ્યો. અને શ્રી સરદાર પટેલે આ વેરો માફ કરાવ્યો.
- આ સત્યાગ્રહના વિજય સંદર્ભે ગાંધીજીએ શ્રી સરદાર પટેલને ‘બોરસદના રાજા’ તરીકે બિરદાવ્યા હતા.

## બારડોલી સત્યાગ્રહ

ઈ.સ. 1928માં મુંબઈ સરકાર દ્વારા દુષ્કાળ હોવા છતાં બારડોલી તાલુકાના મહેસૂલમાં 22 ટકાનો જંગી વધારો કરવામાં આવ્યો હતો.

- સરકારના આ અન્યાયી નિર્ણય સામે શ્રી સરદાર પટેલના નેતૃત્વમાં બારડોલી સત્યાગ્રહનું સફળ આયોજન થયું અને તેમાં પ્રજાનો વિજય થયો.
- આ સત્યાગ્રહ બાદ બારડોલીની મહિલાઓ તરફથી ગાંધીજીએ શ્રી વલ્લભભાઈ પટેલને ‘સરદાર’નું બિરૂદ આપ્યું અને તેઓ ‘સરદાર’ કહેવાયા.

## રાસ ગામ સત્યાગ્રહ

ખેડા જિલ્લાના બોરસદ તાલુકાના રાસ ગામના વડ વૃક્ષ નીચેથી 7 માર્ચ, 1930ના રોજ દાંડીયાત્રા પૂર્વે શ્રી સરદાર પટેલની પ્રથમ વખત ધરપકડ થઈ હતી.

- આ ગામ ‘‘ના કર’’ આંદોલનમાં બ્રિટિશ રાજ સામે ભારતની 1930ની લડતનો આરંભ કરવામાં અગ્રેસર રહ્યું હતું.
- જેમાં અંગ્રેજ સરકારે ગામ લોકોની જમીન પણ કબજે કરી લીધી હતી.
- આથી, શ્રી સરદાર પટેલે ખેડૂતોને વચન આપ્યું હતું કે, ‘‘તમારી જમીન તમારા ઘરનો દરવાજો ખટખટાવતી પાછી આવશે.’’ અને તેમણે આ વચન પાળી બતાવ્યું હતું.

## માણસા સત્યાગ્રહ

માણસામાં 1938માં થયેલા સત્યાગ્રહમાં શ્રી સરદાર પટેલે રણભૂમિમાં પગ મૂકયા વગર મુત્સદીગીરીપૂર્વક રાજાશાહી રાજ્યમાં મહેસૂલી કર માફ કરાવ્યો હતો.

- અહીં શ્રી સરદાર પટેલે ખેડૂતોની દોરવણી માટે ‘‘ખેડૂત સભા’’ની રચના કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કોંગ્રેસનું નેતૃત્વ

શ્રી સરદાર પટેલ 1931માં કોંગ્રેસના કરાંચી અધિવેશનના પ્રમુખ હતા.

- આ અધિવેશનમાં કોંગ્રેસે નીચેના મુદ્દાઓ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરીને સમજૂતીને બહાલી આપી હતી :

(1) મૂળભૂત હક્કો અને માનવીય સ્વતંત્રતાઓ (2) બિનસાંપ્રદાયિક દેશ માટેની કલ્પના

(3) ન્યૂનત્તમ વેતનની બહાલી (4) અસ્પૃશ્યતા તથા ખેતગુલામી નાબૂદ કરવી.

- ત્યારબાદ શ્રી સરદાર પટેલે 1934 અને 1937માં અખિલ ભારતીય ચૂંટણી માટેના કોંગ્રેસી પ્રચારનું નેતૃત્વ કર્યું હતું.

## ગાંધીજી સાથે યરવાડા જેલમાં

જાન્યુઆરી 1932માં શ્રી સરદાર પટેલ અને મહાત્મા ગાંધીજીની ધરપકડ કરવામાં આવી અને તેમને યરવાડા જેલમાં રાખવામાં આવ્યા.

- યરવાડા જેલમાં ગાંધીજીએ શ્રી સરદાર પટેલને સંસ્કૃત ભાષા શીખવી હતી.
- પછીથી શ્રી સરદાર પટેલને નાસિક જેલમાં ખસેડવામાં આવ્યા હતા.
- અને તેઓ જ્યારે નાસિક જેલમાં હતા ત્યારે 1934માં તેમના મોટાભાઈ શ્રી વિઠ્ઠલભાઈના દેહાંત બાદ તેમની અંતિમ ક્રિયામાં ભાગ લેવા બ્રિટિશ સરકારે તેમને થોડા દિવસો માટે મુક્ત કરવાની તૈયારી બતાવી હતી તેમ છતાં તેમણે તે સ્વીકારી ન હતી.

## ભારત છોડો આંદોલન

ભારત છોડો આંદોલન સમયે શ્રી સરદાર પટેલ ખુલ્લા બળવાની તરફેણમાં હતા.

- અને ગાંધીજીએ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ ઉપર આ બળવાને સ્વીકૃતિ આપવા દબાણ કર્યું કે જેને પરિણામે સમિતિએ 7 ઓગસ્ટ, 1942ના રોજ અસહકાર ચળવળને મંજૂરી આપી હતી.
- 7 ઓગસ્ટ, 1942ના રોજ શ્રી સરદાર પટેલે મુંબઈના ગોવાળિયા ટેન્ક મેદાનમાં 1 લાખ લોકો સમક્ષ કરેલું ભાષણ ભારતમાં 'હિંદ છોડો ચળવળ' માટે પ્રેરણા સ્ત્રોત બની રહ્યું હતું.
- ત્યારબાદ 9 ઓગસ્ટ, 1942ના રોજ શ્રી સરદાર પટેલ સહિત સંપૂર્ણ કોંગ્રેસ કાર્યકારી સમિતિની ધરપકડ કરવામાં આવી અને 15 જૂન, 1945 સુધી તેમને અહમદનગર કિલ્લાના કારાવાસમાં બંદી તરીકે રાખવામાં આવ્યા.
- 15 જૂન, 1945ના રોજ શ્રી સરદાર પટેલને જ્યારે જેલમુક્ત કરવામાં આવ્યા ત્યારે તેમણે જાણ્યું કે, અંગ્રેજો ભારતીયોને સત્તા સોંપવાના પ્રસ્તાવ ઉપર કામ કરી રહયા હતા.

## વડાપ્રધાન પદનો ત્યાગ

1946માં કોંગ્રેસના પ્રમુખપદની ચૂંટણીમાં શ્રી સરદાર પટેલે શ્રી જવાહરલાલ નહેરુની તરફેણમાં પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી.

- આ ચૂંટણીનું મહત્ત્વ એ હતું કે એમાં ચૂંટાઈ આવનાર પ્રમુખ, સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાના હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત જ્યારે ગાંધીજીએ ભારતના 16 રાજ્યોના પ્રતિનિધિઓ તથા કોંગ્રેસને યોગ્ય ઉમેદવાર નીમવા જણાવ્યું ત્યારે 16માંથી 13 પ્રતિનિધિઓએ શ્રી સરદાર પટેલનું નામ સૂચવ્યું હતું.
- તેમ છતાં શ્રી સરદાર પટેલે ગાંધીજીની ઈચ્છાને માન આપીને ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાની તક જતી કરી હતી.
- અને તેમણે સ્વતંત્ર ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન બનીને ભારત સરકારના ગૃહમંત્રાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની જવાબદારી સંભાળી હતી.

## ભારતનું વિભાજન

આઝાદી સમયે અવિભાજિત ભારતના તમામ વિસ્તારો બે ભાગમાં વહેંચાયેલા હતા : (1) અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર અને (2) 600થી વધુ રાજા–રજવાડાઓનો વિસ્તાર.

- આ સમયે ભારતીય સમાજનું નેતૃત્વ મુખ્યત્વે બે રાજકીય પાર્ટીઓ દ્વારા થતું હતું : (1) કોંગ્રેસ અને (2) મુસ્લિમ લીગ.
- જેમાંથી ભારતના મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં મુસ્લિમ લીગને સમર્થન હતું. અને ભારતના અન્ય વિસ્તારોમાં કોંગ્રેસને સમર્થન હતું.
- આ સમયે મુસ્લિમ લીગ દ્વારા મુસ્લિમો માટે અલગ પાકિસ્તાનની માંગ કરવામાં આવી.
- આઝાદી સમયે ભારતનું વિભાજન ભારતના મોટા ભાગના નેતાઓને પસંદ ન હતું. આથી, મહાત્મા ગાંધીજી તથા શ્રી જવાહરલાલ નહેરુ સહિતના નેતાઓએ તેનો વિરોધ કર્યો હતો.
- જોકે, શ્રી સરદાર પટેલે તેનો સ્વીકાર કર્યો હતો. અને તેની પાછળનું કારણ એ હતું કે, એ સમયે ભારતીય નેતાગીરી સામેનો મુખ્ય પ્રશ્ન 600 જેટલા રાજા–રજવાડાઓને એક શાસન નીચે લાવવાનો હતો.
- અને એ માટે ભારતમાં એક સશક્ત સરકારની આવશ્યકતા હતી.
- જો મુસ્લિમ લીગની માંગણી ન સ્વિકારવામાં આવે તો ભારતમાં મુસ્લિમ લીગની સામેલગીરી વાળી વિભાજીત અને નબળી સરકાર અસ્તિત્વમાં આવે.પરિણામે, ભારતના 600 જેટલા રજવાડાઓને પોતપોતાની સ્વતંત્રતા મેળવવા માટે પ્રોત્સાહન મળી રહે અને ભારતના એક નહિ પરંતુ અનેક ભાગલા થઈ જાત.
- શ્રી સરદાર પટેલના શબ્દોમાં કહીએ તો –

  "કોઈને ભારતના ભાગલા થાય તે ગમતું નથી.
  મારું હૃદય પણ ભારે છે. પણ અત્યારે પસંદગી એક ભાગલા કે પછી ઘણા ભાગલાઓ
  વચ્ચે છે. આપણે તથ્યોનો સામનો કરવો જોઈએ.
  આપણે ભાવનાત્મકતા તથા લાગણી પ્રધાનતાને આધીન ન થવું જોઈએ."

- આ ઉપરાંત ભારત–પાકિસ્તાનના વિભાજન દરમિયાન પંજાબ તેમજ બંગાળના હિંદુ બહુમતીવાળા ક્ષેત્રોનો પણ પાકિસ્તાનમાં સમાવેશ કરવામાં આવે તેવી શ્રી મોહમ્મદ અલી જિન્હાની માંગણીનો શ્રી સરદાર પટેલે સખત વિરોધ કર્યો હતો અને તેને પાકિસ્તાનમાં જતા અટકાવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારત–પાકિસ્તાનના ભાગલા સમયે ફાટી નીકળેલ કોમી રમખાણો દરમિયાન તેમણે દિલ્હીના શ્રી નિઝામુદ્દિન ઔલિયા વિસ્તારમાં રહેતા હજારો મુસ્લિમોને કોમી રમખાણોથી બચાવવા માટે આ વિસ્તારની દરગાહમાં જઈને પ્રાર્થના કરી હતી, તેમજ લોકોને મળીને મજબૂત પોલીસ વ્યવસ્થા કરી હતી.
- આ સમયે દિલ્હી તેમજ પંજાબની પોલીસ પર પણ મુસ્લિમો પર હુમલા કરવાના આરોપ થતા હતા. આથી શ્રી સરદાર પટેલે દક્ષિણ ભારતથી સેનાની ટુકડીઓ મંગાવી તેમને કડક સંચારબંદી લાગુ કરવા તેમજ દેખો ત્યાં ઠાર કરવાના આદેશો આપ્યા હતા.

## રજવાડાઓનું વિલીનીકરણ

ભારત–પાકિસ્તાનના ભાગલા બાદ અવિભાજિત ભારતના 600 જેટલા રજવાડાઓમાંથી ભારતમાં 560થી વધુ રજવાડાઓ અસ્તિત્વમાં હતા.

- આ સમયે ભારતનો વિસ્તાર બે ભાગમાં વહેંચાયેલો હતો : (1) અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર અને (2) 560થી વધુ રાજા–રજવાડાઓનો વિસ્તાર.
- જેમાંથી આઝાદી બાદ અંગ્રેજોના શાસન હેઠળનો વિસ્તાર ભારત સરકારને સોંપવામાં આવ્યો હતો.
- આ સમયે લોર્ડ માઉન્ટબેટનની યોજના પ્રમાણે બ્રિટનની પાર્લામેન્ટમાં 18 જુલાઈ, 1947ના રોજ એક ખરડો પસાર કરવામાં આવ્યો.
- આ કાયદો 'હિંદ સ્વતંત્ર ધારો 1947' તરીકે ઓળખાયો.
- આ કાયદાની કલમ-7માં દેશી રાજ્યો અંગે જોગવાઈ કરવામાં આવી હતી. જેની મુખ્ય જોગવાઈ આ પ્રમાણે હતી :

  (1) દેશી રાજાઓ સાથેના તમામ કોલકરારો, સંધિઓ તથા બ્રિટિશ સરકારના આધિપત્યનો 15 ઓગસ્ટ, 1947 સુધીમાં અંત આવશે.

  (2) દેશી રાજ્યો ભારત કે પાકિસ્તાન બેમાંથી કોઈપણ દેશ સાથે જોડાઈ શકશે અથવા તો સ્વતંત્ર રહી શકશે.
- આ જાહેરાત અને 15 ઓગસ્ટ, 1947 વચ્ચે પૂરા એક મહિનાનો પણ સમય ન હતો.
- આ સમય દરમિયાન ભારતમાં 560થી વધુ રજવાડાઓને ભારત સાથે જોડવા માટે લોર્ડ માઉન્ટ બેટનની સલાહથી ભારતમાં 'રાજ્ય મંત્રાલય' નામના એક નવા જ મંત્રાલયની રચના કરવામાં આવી.
- ભારતમાં દેશી રાજ્યોના વિલીનીકરણની અતિ કપરી જવાબદારી શ્રી સરદાર પટેલને સોંપવામાં આવી અને તેમને આ 'રાજ્ય મંત્રાલય'ના પ્રધાન બનાવવામાં આવ્યા. તથા શ્રી વી. પી. મેનન આ મંત્રાલયના સેક્રેટરી બન્યા.
- જોકે, આ સમસ્યાને અગાઉથી જ પારખી ગયેલા શ્રી સરદાર પટેલે 6 મે, 1947થી જ વિવિધ રાજાઓ સાથે મંત્રણાઓ શરૂ કરી દીધી હતી. અને જે તે રાજ્યની ભૌગોલિક તેમજ અન્ય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને શ્રી સરદાર પટેલે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી હતી. જેને કારણે 560 થી વધુ રજવાડાઓમાંથી ત્રણને બાદ કરતાં બાકીના રજવાડાઓ ભારતમાં વિલીન થઈ ગયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- જે ત્રણ રાજ્યો ભારત સાથે જોડાયા ન હતા તેમાં જૂનાગઢ, હૈદરાબાદ અને જમ્મુ–કાશ્મીરનો સમાવેશ થાય છે.
- જેમાં જૂનાગઢને સેના તેમજ 'આરઝી હકુમત'ની મદદથી ભારતમાં વિલીન કર્યું હતું.
- જ્યારે હૈદરાબાદને, હૈદરાબાદ પર લશ્કરી કાર્યવાહી કરવાનો વિરોધ કરી રહેલા શ્રી જવાહરલાલ નહેરુ યુરોપની યાત્રા પર ગયા હતા ત્યારે કાર્યવાહક પ્રધાનમંત્રી તરીકે હૈદરાબાદ પર લશ્કરી કાર્યવાહી કરીને શ્રી સરદાર પટેલે હૈદરાબાદને ભારતમાં વિલીન કર્યું હતું.
- આ માટે હૈદરાબાદ પર થયેલી લશ્કરી કાર્યવાહીને 'ઓપરેશન પોલો' નામ આપવામાં આવ્યું હતું.
- જ્યારે ભારત કે પાકિસ્તાન સાથે ન જોડાયેલા જમ્મુ–કાશ્મીર પર પાકિસ્તાને આક્રમણ કર્યું અને પાકિસ્તાનની સેના શ્રીનગરથી ફક્ત 65 કિ.મી. દૂર હતી ત્યારે જમ્મુ–કાશ્મીરના મહારાજા શ્રી હરિસિંહજી ડોગરાએ શ્રી સરદાર પટેલની મદદ માંગી.
- ત્યારે આવી જ કોઈ તકની રાહ જોઈને બેઠેલા શ્રી સરદાર પટેલે તાત્કાલીક શ્રી વી. પી. મેનનને વિમાનમાર્ગે કાશ્મીર મોકલીને હિંદી સંઘ સાથેના જોડાણખત પર સહી કરાવી દીધી અને તેને ભારતમાં વિલીન કર્યું
- ત્યાર બાદ હવાઈ માર્ગે લશ્કર મોકલી પાકિસ્તાની સૈન્યને પીછેહઠ કરવા મજબૂર કર્યા.

નોંધ : (1) ભારતના રજવાડાઓ કઈ રીતે ભારતમાં વિલીન થયા એ અંગે શ્રી વી. પી. મેનને લખેલા પુસ્તકનું નામ "ધ સ્ટોરી ઓફ ધ ઈન્ટિગ્રેશન ઓફ ઈન્ડિયન સ્ટેટ" છે.

(2) શ્રી સરદાર પટેલ અલ્પસંખ્યકો, આદિજાતિ તેમજ બાકાત વિસ્તાર, મૂળભૂત અધિકારો તેમજ પ્રાદેશિક સંવિધાનની સમિતિ જેવી વિવિધ સમિતિઓના પ્રમુખ હતા.

(3) તેમને ભારતીય સનદી સેવાઓના 'પેટ્રોન સેન્ટ' તરીકે ઓળખવામાં આવે છે.

(4) 15 ડિસેમ્બર, 1950ના રોજ હૃદયરોગના હુમલાને કારણે 75 વર્ષની વયે દિલ્હી ખાતે તેમનું નિધન થયું હતું.

(5) ઈ.સ. 1991માં તેમને મરણોત્તર ભારત રત્ન પુરસ્કાર એનાયત થયો હતો.

(6) 'શ્રી સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક'ની ગુજરાતના અમદાવાદના મોતી મહેલ ખાતે 1980માં સ્થાપના કરવામાં આવી હતી.

(7) શ્રી સરદાર પટેલને કુ. સરોજિની નાયડુએ 'લોખંડની દાબડીમાં સોનાનું ઘરેણું', શ્રી ચં. ચી. મહેતાએ 'રુદ્ર–ભદ્ર સરદાર' તથા શ્રી ગુણવંત શાહે 'વજ્રના કૂંડામાં ઊગેલું સુકોમળ પુષ્પ' કહીને નવાજ્યા છે. આ ઉપરાંત તેમને 'ભારતના બિસ્માર્ક' તરીકે પણ ઓળખવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## DRDO અને ભારતીય વાયુસેના (IAF)એ લોન્ગ રેન્જ બોમ્બનું પરીક્ષણ કર્યુ

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO) અને ઈન્ડિયન એરફોર્સ (IAF)ની ટીમે 29 ઓક્ટોબર, 2021ના રોજ સ્વદેશી રીતે વિકસિત 'લોન્ગ રેન્જ બોમ્બ' (LRB)નું સફળ પરીક્ષણ કર્યુ હતું.

- ઓડિશાના બાલાસોરમાં એર પ્લેટફોર્મ પરથી લોન્ગ રેન્જ બોમ્બનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- ઈન્ટીગ્રેટેડ ટેસ્ટ રેન્જ દ્વારા તૈનાત મલ્ટિપલ રેન્જ સેન્સર્સ, ટેલિમેટ્રી અને રડાર તથા ઈલેક્ટ્રો–ઓપ્ટિંગ ટ્રેકિંગ સિસ્ટમની મદદથી બોમ્બની ઉડાન અને કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ બોમ્બ અન્ય DRDO પ્રયોગશાળાઓના સહયોગથી હૈદરાબાદમાં સ્થિત 'Research Center Imarat' (RCI) દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યો છે.

### RCI

'Research Center Imart' એ તેલંગાણાના હૈદરાબાદમાં સ્થાપિત DRDOની પ્રયોગશાળા છે.

- તે ભારતીય સશસ્ત્રો દળો માટે મિસાઈલ પ્રણાલી, અદ્યતન એવિઓનિક્સ અને માર્ગદર્શિત શસ્ત્રોના સંશોધન તથા વિકાસ માટે જવાબદાર છે.
- આ પ્રયોગશાળાની સ્થાપના વર્ષ 1988માં ડો. એ. પી. જે. અબ્દુલ કલામ સાહેબે કરી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## SUNDAY Questions

1. દર વર્ષે 31 ઓક્ટોબરના રોજ ભારત અથવા તો વિશ્વમાં નીચેનામાંથી કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
   (A) રાષ્ટ્રીય એકતા દિવસ (B) વિશ્વ બચત દિવસ (C) વિશ્વ શહેર દિવસ (D) ઉપરોક્ત ત્રણેય — (D)

2. ભારતમાં 31 ઓક્ટોબર કયા દિવસ તરીકે ઉજવાય છે ?
   (A) શ્રી સરદાર પટેલ જન્મદિન (B) રાષ્ટ્રીય એકતા દિવસ
   (C) શ્રીમતી ઈન્દિરા ગાંધી પુણ્યતિથિ (D) ઉપરોક્ત ત્રણેય — (D)

3. ભારતમાં શ્રી સરદાર પટેલનો જન્મદિન 31 ઓક્ટોબર 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે કયારથી ઉજવાય છે ?
   (A) 2012 (B) 2013 (C) 2014 (D) 2015 — (C)

4. હાલમાં 31 ઓક્ટોબર, 2021ના રોજ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના કેટલામાં જન્મદિનની ઉજવણી કરવામાં આવી છે ?
   (A) 141મા (B) 144મા (C) 146મા (D) 148મા — (C)

5. 31 ઓક્ટોબર, 2021ના રોજ ભારતમાં 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની રાષ્ટ્રકક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી ?
   (A) નવી દિલ્હી (B) વારાણસી (C) લદાખ (D) કેવડિયા — (D)

6. 31 ઓક્ટોબર, 2018ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અનાવરણ કરવામાં આવેલ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટીની' ઊંચાઈ કેટલી છે ?
   (A) 491.181 ફૂટ (B) 590.551 ફૂટ (C) 597.113 ફૂટ (D) 546 ફૂટ — (C)

7. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ગુજરાતના નર્મદા જિલ્લાના કયા તાલુકામાં આવેલ છે ?
   (A) નાંદોદ (B) ગરુડેશ્વર (C) સાગબારા (D) તિલકવાડા — (B)

8. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નર્મદા નદીના કયા બેટ પર આવેલ છે ?
   (A) સારસ બેટ (B) સાહૂ બેટ (C) સાગબારા બેટ (D) સાધુ બેટ — (D)

9. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નો શિલાન્યાસ કયારે કરવામાં આવ્યો હતો ?
   (A) 31 ઓક્ટોબર, 2013 (B) 31 ઓક્ટોબર, 2014
   (C) 31 ઓક્ટોબર, 2015 (D) 31 ઓક્ટોબર, 2016 — (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

10. શ્રી સરદાર સાહેબની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના મુખ્ય ડિઝાઈનર (શિલ્પકાર) કોણ છે ?
(A) શ્રી રામ નારાયણ સુથાર (B) શ્રી રામ પ્રસાદ સુથાર
(C) શ્રી રામ ગોપાલ સુથાર (D) શ્રી રામ વાનજી સુથાર (D)

11. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને કઈ ધાતુનું આવરણ ચડાવવામાં આવ્યું છે ?
(A) તાંબાનું (B) સ્ટીલનું (C) કાંસાનું (D) એલ્યુમિનિયમનું (C)

12. વિંધ્યાચલ પર્વતમાળા અને સાતપુડા પર્વતમાળા વચ્ચેથી કઈ નદી પસાર થાય છે ?
(A) તાપી (B) સાબરમતી (C) નર્મદા (D) મહી (C)

13. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ની પાયા સાથેની ઊંચાઈ કેટલી છે ?
(A) 182 મીટર (B) 240 મીટર (C) 200 મીટર (D) 260 મીટર (B)

14. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મ ક્યારે થયો હતો ?
(A) 31 ઓક્ટોબર, 1875 (B) 31 ઓક્ટોબર, 1886
(C) 31 ઓક્ટોબર, 1885 (D) 31 ઓક્ટોબર, 1888 (A)

15. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને છઠ્ઠા ધોરણમાં કયા ગુજરાતી શિક્ષકે શિક્ષા રૂપે 200 પાડા લખવા આપ્યા હતા ?
(A) શ્રી છોટાલાલ માસ્તર (B) શ્રી રમણીકલાલ માસ્તર
(C) શ્રી મણીશંકર માસ્તર (D) એકપણ નહીં (A)

16. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે પોતાની વકીલાત ક્યાંથી શરૂ કરી હતી ?
(A) બારડોલી (B) અમદાવાદ (C) ગોધરા (D) કરમસદ (C)

17. ગુજરાત વિધાનસભા ગૃહનું નામ શું રાખવામાં આવ્યું છે ?
(A) સરદાર વલ્લભભાઈ પટેલ ભવન (B) વિઠ્ઠલભાઈ પટેલ ભવન
(C) જીવરાજ મહેતા ભવન (D) ચિમન મહેતા ભવન (B)

18. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ કઈ રમતમાં માહેર હતા ?
(A) ક્રિકેટ (B) વોલીબોલ (C) બ્રિજ (D) ચેસ (C)

19. શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને સરદારનું બિરૂદ કયા સત્યાગ્રહથી મળ્યું ?
(A) બારડોલી સત્યાગ્રહ (B) બોરસદ સત્યાગ્રહ (C) ખેડા સત્યાગ્રહ (D) નાગપુર સત્યાગ્રહ (A)

20. બારડોલી સત્યાગ્રહ કઈ સાલમાં થયો હતો ?
(A) 1923 (B) 1928 (C) 1918 (D) 1932 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SUNDAY Questions

**21.** ઈ.સ. 1923માં નાગપુર (ઝંડા) સત્યાગ્રહનું નેતૃત્વ કોણે કર્યું હતું ?

(A) શ્રી જયપ્રકાશ નારાયણ (B) શ્રી ગાંધીજી

(C) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (D) શ્રી અરવિંદ ઘોષ **(C)**

**22.** બોરસદ સત્યાગ્રહમાં પુખ્ત વયના દરેક સ્ત્રી–પુરુષો પાસેથી માથાદીઠ કેટલો વેરો લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું ?

(A) 2 રૂપિયા 5 આના (B) 1 રૂપિયો 7 આના (C) 2 રૂપિયા 7 આના (D) 1 રૂપિયો 5 આના **(C)**

**23.** દાંડીયાત્રા પૂર્વે શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ધરપકડ કયા ગામથી થઈ હતી ?

(A) કરાડી (B) બોરસદ (C) રાસ (D) દાંડી **(C)**

**24.** દેશી રજવાડાઓના ભારતમાં વિલીનીકરણ સમયે કયા રાજવીએ પોતાનું રાજ્ય સૌપ્રથમ ભારત સંઘમાં સોંપ્યું ?

(A) શ્રી ભાવસિંહજી ગોહિલ (B) શ્રી કૃષ્ણકુમાર સિંહજી

(C) શ્રી જામ સાહેબ (D) શ્રી વિભોજી જાડેજા **(B)**

**25.** મહારાજા કૃષ્ણકુમાર સિંહજી જેમણે સૌપ્રથમ પોતાનું રાજ્ય ભારત સંઘમાં જોડવાની સહમતી દર્શાવી હતી તે કયાંના રાજા હતા ?

(A) જામનગર (B) જૂનાગઢ (C) ભાવનગર (D) કચ્છ **(C)**

**26.** ભારત દેશના મહાન પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને ભારતનો સર્વોચ્ચ પુરસ્કાર ભારત રત્ન કઈ સાલમાં એનાયત થયો હતો ?

(A) ઈ.સ. 1971માં (B) ઈ.સ. 1981માં (C) ઈ.સ. 1991માં (D) ઈ.સ. 1999માં **(C)**

**27.** શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને 'ભારતના બિસ્માર્ક' તરીકે ઓળખવામાં આવે છે. આ બિસ્માર્ક કયા દેશના વતની હતા ?

(A) અમેરિકા (B) જર્મની (C) બ્રિટન (D) ફ્રાંસ **(B)**

**28.** હૈદરાબાદને ભારતસંઘમાં જોડવા માટે કરવામાં આવેલી લશ્કરી કાર્યવાહીને કયું નામ આપવામાં આવ્યું હતું ?

(A) ઓપરેશન વિજય (B) ઓપરેશન પોલો (C) ઓપરેશન મૈત્રી (D) ઓપરેશન બ્લેક થંડર **(B)**

**29.** 'ધ સ્ટોરી ઓફ ધ ઈન્ટિગ્રેશન ઓફ ધ ઈન્ડિયન સ્ટેટ્સ' પુસ્તકના લેખક કોણ હતા ?

(A) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ (B) શ્રી વી. પી. મેનન

(C) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (D) માઉન્ટ બેટન **(B)**

**30.** તાજેતરમાં કોણે 'લોન્ગ રેન્જ બોમ્બ' નું સફળ પરીક્ષણ કર્યુ છે ?

(A) DRDO અને ભારતીય વાયુસેનાએ (B) ISRO અને ભારતીય વાયુસેનાએ

(C) DRDO અને ભારત ડાયનેમિક્સ લિમિટેડ (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દિવસ મહિમા : 01 નવેમ્બર, (1) વિશ્વ શાકાહાર દિવસ (World Vegan Day)**

## ભારતીય નૌકાદળનું ફ્રિગેટ તુશીલ રશિયામાંથી લોન્ચ કરવામાં આવ્યું



**P1135.6** વર્ગનું સાતમું જહાજ તુશીલને 28 ઓક્ટોબર, 2021ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.

- આ ફ્રિગેટને રશિયાના કેલિનિનગ્રાડ (Kaliningrad)ના યંતર શિપયાર્ડમાં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ પ્રસંગે રશિયામાં ભારતીય રાજદૂત શ્રી ડી.બાલા વેંકેટશ વર્મા અને રશિયન ફેડરેશનના વરિષ્ઠ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.
- ભારત અને રશિયા સરકારે ચાર વધારાના P1135.6 વર્ગના જહાજોના નિર્માણ માટે ઓક્ટોબર, 2016માં એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

### તુશીલ વિશે

ભારતીય નૌકાદળ માટે રશિયા દ્વારા ડિઝાઈન અને બનાવવામાં આવેલ જહાજને ઔપચારિક રીતે 'તુશીલ' નામ આપવામાં આવ્યું છે.

- તુશીલ એ સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ રક્ષક, ઢાલ અથવા કવચ થાય છે.
- પ્રોજેક્ટ 1135.6 જેને તલવાર વર્ગ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે એક માર્ગદર્શિત–મિસાઈલ ફ્રિગેટ વર્ગ છે.
- આ જહાજ અત્યાધુનિક ભારતીય અને રશિયન શસ્ત્રો તથા સેન્સરનું શક્તિશાળી સંયોજન છે.
- જે દરિયા કિનારે અને દરિયામાં એક એકમ તરીકે તથા નૌકાદળના ટાસ્ક ફોર્સમાં કન્સોર્ટિયમ તરીકે કાર્ય કરવા માટે રચાયેલ છે.
- તે રડારથી બચવા માટે અને પાણીમાં હિલચાલ શોધવા માટે 'સ્ટેલ્થ ટેક્નોલોજી' (Stealth Technology)નો ઉપયોગ કરે છે.
- સ્ટેલ્થ અથવા સ્ટીલ્થ ટેક્નોલોજી એ ઓછી અવલોકનક્ષમ ટેક્નોલોજીથી અદશ્ય રહેવા સક્ષમ છે.
- આ જહાજ હિંદ મહાસાગર ક્ષેત્રમાં કાર્યરત ભારતીય નૌકાદળને વધુ શક્તિ પ્રદાન કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ડેરી સહકાર યોજના (Dairy Sahakar Scheme)

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમૂલના 75માં સ્થાપના વર્ષની ઉજવણી પ્રસંગે 'ડેરી સહકાર યોજના' શરૂ કરી છે.

- ડેરી સહકાર યોજના ભારત સરકારના સહકાર મંત્રાલય હેઠળના 'નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન' (NCDC) દ્વારા રૂ. 5000 કરોડના રોકાણ સાથે લાગુ કરવામાં આવશે.
- આ યોજનાનો ઉદ્દેશ્ય 'સહયોગ થી સમૃદ્ધિ તક' (અથવા સહકારી થી સમૃધ્ધિ તક)ના લક્ષ્યને પ્રાપ્ત કરવાનો છે.
- આ યોજના દ્વારા ડેરી સહકારી હેઠળ લાયક સહકારી સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.
- જેથી તેઓ પશુધન વિકાસ, દૂધ પ્રાપ્તિ, ગુણવત્તા ખાતરી, મુલ્યવર્ધન, પેકેજિંગ, માર્કેટિંગ, માલ પરિવહન, દૂધ અને દૂધ ઉત્પાદનોના સંગ્રહ અને ખેડૂતોની આવક બમણી કરવાના એકંદર ઉદ્દેશ્ય અને 'આત્મનિર્ભર ભારત' હેઠળ દૂધની બનાવટોની નિકાસ સંબંધિત પ્રવૃત્તિઓ ચલાવી શકે.
- ડેરી સહકાર યોજના દેશના ડેરી ક્ષેત્રને મજબૂત કરવાના હાલના પ્રયાસોને વેગ આપશે.

નોંધ : (1) AMULનું પૂરું નામ 'Anand Milk Union Limited' છે.

(2) અમૂલના સ્થાપક : શ્રી ત્રિભુવનદાસ પટેલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## MONDAY Questions

1. 'વિશ્વ શાકાહાર દિન' અથવા 'World Vegan Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 નવેમ્બર (B) 2 નવેમ્બર (C) 3 નવેમ્બર (D) 4 નવેમ્બર

(A)

2. તાજેતરમાં ચર્ચામાં રહેલ ફ્રિગેટ 'તુશીલ' શું છે ?

(A) ભારતીય નૌકાદળનું જહાજ (B) ભારતીય એરલાઈન

(C) ભારત સરકારના સહકાર મંત્રાલયની એપ્લિકેશન (D) મહેસૂલ વિભાગની એપ્લિકેશન

(A)

3. તાજેતરમાં ભારતીય નૌકાદળનું જહાજ 'તુશીલ'ને લોન્ચ કરવામાં આવ્યું હતું તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે P1135.6 વર્ગનું સાતમું જહાજ છે.

2. તેને રશિયાના કેલિનિનગ્રાડના યંતર શિપયાર્ડમાં લોન્ચ કરવામાં આવ્યું હતું.

3. આ જહાજ અત્યાધુનિક ભારતીય અને રશિયન શસ્ત્રો તથા સેન્સરનું શક્તિશાળી સંયોજન છે.

4. આ જહાજ રડારથી બચવા માટે અને પાણીમાં હિલચાલ શોધવા માટે 'Stealth Technology'નો ઉપયોગ કરે છે.

યોગ્ય વિકલ્પ પંસદ કરો.

(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4

(D)

4. 'ડેરી સહકાર યોજના' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) શ્રી અમિતભાઈ શાહે અમૂલના 75માં સ્થાપના વર્ષની ઉજવણી પ્રસંગે આ યોજના શરૂ કરી હતી.

(B) આ યોજનાનો ઉદ્દેશ્ય 'સહયોગ થી સમૃધ્ધિ તક'ના લક્ષ્યને પ્રાપ્ત કરવાનો છે.

(C) આ યોજના દ્વારા ડેરી સહકારી હેઠળ લાયક સહકારી સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.

(D) ઉપરોક્ત તમામ

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**દિવસ મહિમા : 02 નવેમ્બર,** (1) International Day to end Impunity for Crimes Against Journalists (પત્રકારો વિરુધ્ધના ગુના માટે દંડ માફી સમાપ્ત કરવાનો આંતરરાષ્ટ્રીય દિવસ)
(2) રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ

## ઈટાલીના રોમ ખાતે 16મી G-20 Summit 2021 યોજાય

તાજેતરમાં 30-31 ઓક્ટોબર, 2021 દરમિયાન ઈટાલીના રોમ ખાતે 16મી G-20 સમિટનું આયોજન થયું હતું.

- ઈટાલીમાં યોજાયેલી આ પ્રથમ G-20 સમિટ હતી.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ સમિટને ફાયદાકારક ગણાવી હતી.
- આ સમિટ દરમિયાન નેતાઓએ વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.
- જેમ કે કોવિડ– 19 મહામારી સામે લડવું, આરોગ્ય માળખામાં સુધારો કરવો, આર્થિક સહયોગને મજબૂત બનાવવો, નવીનતાઓને આગળ વધારવી વગેરે મુદ્દઓ પર ચર્ચા કરી હતી.
- આ સાથે તેમણે 'રોમ ઘોષણા' પણ અપનાવ્યું હતું.
- સભ્ય દેશો એ વાત પર સંમત થયા હતા કે કોવિડ– 19 રસીકરણ એ વૈશ્વિક જાહેર હિત છે.
- આ આ ઉપરાંત સમિટ દરમિયાન દેશો એ વાત માટે પણ સંમત થયા હતા કે કોવિડ– 19 રસીઓ માટે કટોકટીના ઉપયોગની અધિકૃતા માટેની પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ને મજબૂત બનાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### રોમ ઘોષણા (Rome Declaration)

રોમ ઘોષણા 16 પરસ્પર સંમત સિધ્ધાંતો ધરાવે છે, જેનો ઉદ્દેશ ભાવી સ્વાસ્થ્ય સંકટને રોકવા અને સલામત, ન્યાયી અને ટકાઉ વિશ્વ બનાવવા માટે સંયુક્ત પગલાને માર્ગદર્શન આપવાનો છે.

- આ 16 સિધ્ધાંતો નીચે મુજબ છે :

(1) નિદાન, પ્રતિભાવ, નિવારણ અને સજ્જતા માટે હાલની બહુપક્ષીય આરોગ્ય પ્રણાલીઓને ટેકો આપવો.
(2) માનવ, પ્રાણી અને પર્યાવરણીય જોખમોને સંબોધવા માટે બહુ–ક્ષેત્રીય, પુરાવા–આધારિત એક આરોગ્ય અભિગમની દેખરેખ અને અમલીકરણ તરફ કામ કરવું
(3) તમામ સમાજ અને આરોગ્ય નીતિઓને પ્રોત્સાહન આપવું.
(4) બહુપક્ષીય વેપાર પ્રણાલીને પ્રોત્સાહન આપવું.
(5) ઉચ્ચ ગુણવત્તા, સલામત અને અસરકારક આરોગ્ય પ્રણાલીઓ માટે સમાન, સસ્તું અને વૈશ્વિક પહોંચને સક્ષમ કરવી.

(6) નિપુણતા બનાવવા, સ્થાનિક અને પ્રાદેશિક ઉત્પાદન ક્ષમતા વિકસાવવા માટે ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોને ટેકો આપવો.

(7) ડેટા શેરિંગ, ક્ષમતા નિર્માણ, સ્વૈચ્છિક ટેકનોલોજી અને લાઈસન્સિંગ કરારો પર ધ્યાન આપવું.

(8) હાલની સજ્જતા અને નિયંત્રણ માળખા માટે સમર્થન વધારવું.

(9) વિશ્વવ્યાપી આરોગ્ય અને સંભાળ કાર્યબળમાં રોકાણ.

(10) ક્લિનિકલ પબ્લિક અને એનિમલ હેલ્થ લેબોરેટરીઓના પર્યાપ્ત સંશાધનો, તાલીમ અને સ્ટાફિંગમાં રોકાણ કરવું.

(11) ઈન્ટરઓપરેબલ પ્રારંભિક ચેતવણી મોનિટરિંગ, માહિતી અને ટ્રિગરિંગ સિસ્ટમ્સના વિકાસ અને સુધારણામાં રોકાણ.

(12) સંશોધન, વિકાસ અને નવીનતાના લક્ષ્યમાં સ્થાનિક, આંતરરાષ્ટ્રીય અને બહુપક્ષીય સહકારમાં રોકાણ

(13) અર્થપૂર્ણ અને સમાવિષ્ટ સંવાદને સમર્થન અને પ્રોત્સાહન આપીને સજ્જતા અને પ્રતિભાવના પગલાની અસરકારકતા વધારવી.

(14) ફાઈનાન્સિંગ મિકેનિઝમની અસરકારકતાની ખાતરી આપવી.

(15) ટકાઉ અને સમાન પુન : પ્રાપ્તિના સંદર્ભમાં ફાર્માસ્યુટિલ અને નોન–ફાર્માસ્યુટિકલ પગલાં અને કટોકટી પ્રતિસાદ પર સંકલન.

(16) મહામારીની સજ્જતા, નિવારણ, શોધ અને લાંબાગાળાના પ્રતિભાવના ભંડોળ માટે સુવ્યવસ્થિત, અદ્યતન, ટકાઉ અને અનુમાનિત મિકેનિઝમ્સની જરૂરિયાતોને સંબોધિત કરવી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## G-20 Summitનું આયોજન

| ક્રમ | તારીખ- વર્ષ | યજમાન દેશ | યજમાન શહેર |
|---|---|---|---|
| 1st | 14-15 નવેમ્બર, 2008 | અમેરિકા | વોશિંગ્ટન ડી.સી |
| 2nd | 2 એપ્રિલ, 2009 | યુનાઈટેડ કિંગ્ડમ | લંડન |
| 14th | 28-29 જૂન, 2019 | જાપાન | ઓસાકા |
| 15th | 21-22 નવેમ્બર, 2020 | સાઉદી અરેબિયા | રિયાધ |
| 16th | 30-31 ઓક્ટોબર, 2021 | ઈટાલી | રોમ |
| 17th | 2022 | ઈન્ડોનેશિયા | બાલી |
| 18th | 2023 | ભારત | નવી દિલ્હી |

નોંધ : (1) વર્ષ 2018માં આર્જેન્ટિનામાં યોજાયેલી 13મી G-20ના સમાપન પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022ની G-20 સમિટ ભારતમાં યોજવાની જાહેરાત કરી હતી.

(2) ત્યારબાદ વર્ષ 2020માં નક્કી કર્યુ હતું કે ભારત 2022ને બદલે 2023ની G-20 સમિટનું આયોજન કરશે.

(3) જ્યારે વર્ષ 2022ની અધ્યક્ષતા હવે ઈન્ડોનેશિયા કરશે.

## G-20

G-20ને 'Group of Twenty'તરીકે પણ ઓળખવામાં આવે છે.

- G-20 ભારત સહિત વિશ્વના 19 શક્તિશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે.
- આ સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- ચીન સિવાય ભારતનો એકપણ પાડોશી દેશ G-20 સમૂહનો સભ્ય નથી.
- સમગ્ર વિશ્વના કુલ GDPમાં આ સમૂહ 90 ટકા, વિશ્વ વ્યાપારમાં 75 થી 80 ટકા, વિશ્વની કુલ વસતીમાં બે તૃતીયાંશ અને વિશ્વના જમીન વિસ્તારમાં અંદાજે અડધો હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G-20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.

નોંધ : (1) વર્ષ 2021ની G-20 સમિટના અધ્યક્ષ ઈટાલીના વડાપ્રધાન શ્રી મારિયો દ્રાઘી હતા.

(2) યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (UNEP)એ G-20 સમિટમાં 'ઈન્ટરનેશનલ મિથેન એમિશન ઓબ્ઝર્વેટરી' (IMEO) લોન્ચ કર્યુ છે.

## 18મી ભારત- આસિયાન સમિટ (18th ASEAN- India Summit)

તાજેતરમાં ભારતે આસિયાનના વર્તમાન અધ્યક્ષ બ્રુનેઈના આમંત્રણ પર 18મી ભારત– આસિયાન સમિટમાં ભાગ લીધો હતો.

- તમામ રાજનેતાઓએ વર્ષ 2022ને 'ભારત– આસિયાન મિત્રતા વર્ષ' તરીકે જાહેર કર્યુ છે.
- આસિયાન–ભારત સમિટ વાર્ષિક ધોરણે યોજવામાં આવે છે. અને તે ભારત અને આસિયાન (ASEAN) માટે ઉચ્ચ સ્તરે જોડાણ કરવાની તક પૂરી પાડે છે.
- ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસીમાં અને વ્યાપક ઈન્ડો–પેસિફિક વિઝન માટે ભારતના વિઝનમાં આસિયાનની કેન્દ્રિયતાને રેખાંકિત કરી હતી.
- આ સમિટમાં શક્ય તેટલા વધુ લોકો સુધી પહોંચવા માટે આસિયાન દેશો અને ભારત વચ્ચે ભૌતિક અને ડિજિટલ કનેક્ટિવિટીનું મહત્વ પણ રેખાંકિત કરવામાં આવ્યું હતું.

- આ ઉપરાંત ભારત–આસિયાન સાંસ્કૃતિક જોડાણોને વધુ મજબૂત કરવા માટે ભારતે ASEAN કલ્ચરલ હેરિટેજ લિસ્ટની સ્થાપના માટે તેના સમર્થનની જાહેરાત કરી હતી.
- આસિયાન આઉટલૂક ફોર ધી ઈન્ડો–પેસિફિક અને ભારતના ઈન્ડો–પેસિફિક મહાસાગર પહેલ (IPOI) વચ્ચેના સમન્વય પર આધાર રાખીને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અને આસિયાન પ્રદેશમાં શાંતિ, સ્થિરતા અને સમૃધ્ધિ માટે તેમની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.
- આ સમિટમાં કોવિડ પછીની આર્થિક પુનઃ પ્રાપ્તિ માટે સપ્લાય ચેઈન વૈવિધ્યકરણ અને સ્થિતિસ્થાપકતાના મહત્વના સંબંધમાં ભારત– આસિયાન ફ્રી ટ્રેક એગ્રિમેન્ટ (FTA)ને સુધારવાની જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

### ASEAN

ASEANનું પૂરું નામ 'Association of Southeast Asian Nations' છે.

- આસિયાન એ દક્ષિણ–પૂર્વ એશિયાના 10 દેશોનું સંગઠન છે.
- તેના સભ્ય દેશોમાં બ્રુનેઈ, ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામનો સમાવેશ થાય છે.
- ભારત આસિયાનનું સભ્ય નથી.
- 8 ઓગસ્ટ, 1967ના રોજ થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં આસિયાનની સ્થાપના થઈ હતી.
- આસિયાનનું સચિવાલય ઈન્ડોનેશિયાના જકાર્તા ખાતે આવેલું છે.

## ગંગા ઉત્સવ 2021 (The River Festival 2021)

તાજેતરમાં ગંગા ઉત્સવ– The River Festival 2021ની 5મી આવૃતિ શરૂ થઈ છે. જે રાષ્ટ્રીય નદી ગંગાના મહિમાની ઉજવણી કરે છે.

- 4 નવેમ્બર, 2008ના રોજ ગંગાને ભારતની રાષ્ટ્રીય નદી જાહેર કરવામાં આવી હતી.
- આ કાર્યક્રમમાં ગંગા તરંગ પોર્ટલ અને ગંગા જ્ઞાન પોર્ટલની શરૂઆત સાથે અન્ય ઘણા કાર્યક્રમો પણ સામેલ કરવામાં આવ્યા છે.

### ગંગા ઉત્સવ

'ગંગા ઉત્સવ' ગંગા નદીના મહિમાની ઉજવણી કરતો આ કાર્યક્રમ, રાષ્ટ્રીય ગંગા કાઉન્સિલ દ્વારા લાગુ કરાયેલ સ્વચ્છ ગંગા માટેના રાષ્ટ્રીય મિશન દ્વારા ઉજવવામાં આવે છે.

- વાર્તાઓ, લોક કથાઓ, પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે વાર્તાલાપ, ક્વિઝ, પ્રખ્યાત કલાકારો દ્વારા નૃત્ય અને સંગિત પ્રદર્શન, ફોટો ગેલેરી અને પ્રદર્શનના માધ્યમ દ્વારા આ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે.
- ગંગા ઉત્સવ 2021ના પ્રથમ દિવસે ફેસબુક પર એક કલાકમાં અપલોડ કરવામાં આવેલી સૌથી વધુ હસ્તલિખિત નોંધો માટે 'સ્વચ્છ ગંગા માટે રાષ્ટ્રીય મિશન' (NMCG)ને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં દાખલ કરવામાં આવી છે.

### ગંગા ઉત્સવનો ઉદ્દેશ્ય

ગંગા ઉત્સવ નદીને પુનર્જીવિત કરવા માટે વિવિધ લોકોને જોડવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે.

- તે સંવાદ દ્વારા સંવેદનશીલ પર્યાવરણીય મુદ્દાઓને ઉકેલવાનો પ્રયાસ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'પત્રકારો વિરુધ્ધના ગુના માટે દંડ માફી સમાપ્ત કરવાના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 1 નવેમ્બર (B) 2 નવેમ્બર (C) 3 નવેમ્બર (D) 4 નવેમ્બર (B)

2. 'રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 2 નવેમ્બર (B) 3 નવેમ્બર (C) 4 નવેમ્બર (D) 5 નવેમ્બર (A)

3. તાજેતરમાં ઈટાલીના રોમ ખાતે કેટલામી G-20 સમિટ (2021)નું આયોજન થયું હતું ?

(A) 13મી (B) 14મી (C) 15મી (D) 16મી (D)

4. ભારત કયા વર્ષે G-20 સમિટની અધ્યક્ષતા કરશે ?

(A) 2022 (B) 2023 (C) 2024 (D) 2025 (B)

5. G-20 સમૂહના સભ્ય દેશોમાં નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થતો નથી ?

(A) તૂર્કી (B) કેનેડા (C) દક્ષિણ કોરિયા (D) શ્રીલંકા (D)

6. તાજેતરમાં યોજાયેલા 18માં ભારત–આસિયાન શિખર સંમેલનનો યજમાન દેશ કયો હતો ?

(A) બ્રુનેઈ (B) ઈન્ડોનેશિયા (C) લાઓસ (D) વિયેતનામ (A)

7. આસિયાનની સ્થાપના કયા વર્ષે થઈ હતી ?

(A) 1960 (B) 1967 (C) 1971 (D) 1980 (B)

8. તાજેતરમાં યોજાયેલા ભારત–આસિયાન સમિટમાં રાજનેતાઓએ કયા વર્ષને 'ભારત–આસિયાન મિત્રતા વર્ષ' તરીકે જાહેર કર્યુ છે ?

(A) 2022 (B) 2024 (C) 2026 (D) 2028 (A)

9. તાજેતરમાં ગંગા ઉત્સવ– The River Festival 2021ની કેટલામી આવૃતિ શરૂ થઈ છે ?

(A) 4થી (B) 5મી (C) છઠ્ઠી (D) 7મી (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## પ્રોજેક્ટ-15B ક્લાસ ડિસ્ટ્રોયર યુધ્ધ જહાજ : વિશાખાપટ્ટનમ

તાજેતરમાં પ્રોજેક્ટ 15Bના ચાર અત્યાધુનિક સ્ટીલ્થ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર એટલે કે 'Y12704' (વિશાખાપટ્ટનમ)નું પ્રથમ યુધ્ધ જહાજ ભારતીય નૌસેનાને સોંપવામાં આવ્યું હતું.

- આ યુધ્ધ જહાંજનું નિર્માણ સ્વદેશી સ્ટીલ **DMR 249 A**નો ઉપયોગ કરીને કરવામાં આવ્યું છે.
- તે ભારતમાં ઉત્પાદિત સૌથી મોટા ડિસ્ટ્રોયર્સમાંનું એક છે.

### પ્રોજેક્ટ 15B

મંઝગાવ ડોક શિપબિલ્ડર્સ લિમિટેડ, મુંબઈ ખાતે પ્રોજેક્ટ 15 Bના ચાર ગાઈડેડ મિસાઈલ ડિસ્ટોયર્સ જહાજ નિર્માણધીન છે.

- આ ચાર જહાજોના નિર્માણ માટેનો કરાર વર્ષ 2011માં થયો હતો.
- પ્રોજેક્ટ 15B હેઠળ હાલમાં કુલ ચાર યુધ્ધ જહાજો (વિશાખાપટ્ટનમ, મોર્મુગાઓ, ઈમ્ફાલ, સુરત)નું આયોજન કરવામાં આવ્યું છે.
- દુશ્મન દેશોની ગાઈડેડ મિસાઈલનો નાશ કરવા માટે તથા તેનાથી બચવા માટે પણ આ જહાજ સક્ષમ છે.
- તે અત્યાધુનિક હથિયારો અને સેન્સરથી સજ્જ છે.
- આ જહાજો બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ અને લોન્ગ રેન્જ સરફેસ–ટુ–એર મિસાઈલથી સજ્જ છે.
- પ્રોજેક્ટ 15Bને 'વિશાખાપટ્ટનમ ક્લાસ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

નોંધ : (1) ભારતમાં નિર્માણ પામતા વિનાશક હથિયારો તથા યુધ્ધ જહાજોને પરંપરાગત રીતે કોઈ રાજ્યની રાજધાની અથવા તો શહેરનું નામ આપવામાં આવે છે.

(2) Manzagon Dock Shipbuilders Limited (MDL)એ મુંબઈમાં આવેલું શિપયાર્ડ છે. તે ભારતીય નૌકાદળ માટે યુધ્ધ જહાજો અને સબમરીન બનાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વ્હીસલ બ્લોઅર પોર્ટલ : IREDA

તાજેતરમાં ભારતીય રિન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (IREDA)એ 'તકેદારી જાગૃતિ સપ્તાહ 2021' (Vigilance Awareness Week 2021)ના ભાગરૂપે 'વ્હિસલ બ્લોઅર પોર્ટલ' શરૂ કર્યું છે.

- ભ્રષ્ટાચાર પ્રત્યે આ IREDAની 'ઝીરો ટોલરન્સ'નો એક ભાગ છે.
- આ પોર્ટલ દ્વારા IREDAના કર્મચારીઓ છેતરપિંડી, ભ્રષ્ટાચાર, સત્તાનો દુરુપયોગ વગેરે સંબંધિત ચિંતાઓ રજૂ કરી શકે છે.
- IREDA એ નવીન અને નવીનીકરણીય ઉર્જા મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ ભારત સરકારનું મીની રત્ન (કેટેગરી– 1) એન્ટરપ્રાઈઝ છે.

## વ્હિસલબ્લોઇંગ (Whisteleblowing)

કંપની અધિનિયમ 2013 મુજબ વ્હિસલબ્લોઇંગ એ એક સંસ્થામાં અનૈતિક પ્રથાઓ તરફ હિસ્સેદારોનું ધ્યાન દોરવાના હેતુથી એક ક્રિયા છે.

- વ્હિસલ બ્લોઅર એવી કોઈપણ વ્યક્તિ હોઈ શકે છે જે ખોટી પ્રથાઓનો પર્દાફાશ કરે છે અને આરોપોને સમર્થન આપવા પુરાવા ધરાવે છે.
- તેઓ સંસ્થાની અંદર અથવા બહારના હોઈ શકે છે, જેમ કે વર્તમાન અને ભૂતપૂર્વ કર્મચારીઓ, શેરધારકો, બ્રાહ્ય ઓડિટરો, વકીલો વગેરે.......
- ભારતમાં વ્હિસલ બ્લોઅર્સ 'વ્હિસલ બ્લોઅર્સ પ્રોટેક્શન એક્ટ, 2014' દ્વારા સુરક્ષિત છે.

## તકેદારી જાગૃતિ સપ્તાહ

તે દર વર્ષે સરદાર વલ્લભભાઈ પટેલના જન્મદિવસ સપ્તાહ દરમિયાન ઉજવવામાં આવે છે.

- આ વર્ષે 26 ઓક્ટોબર થી 1 નવેમ્બર સુધી તકેદારી સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.
- આ વર્ષના તકેદારી જાગૃતિ સપ્તાહની થીમ 'સ્વતંત્ર ભારત @ 75 : આત્મનિર્ભરતા અને અખંડિતતા' હતી.
- આ સપ્તાહ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.
- જેનો મુખ્ય ઉદ્દેશ ભ્રષ્ટાચારના જોખમને ઓળખવા અને વ્યક્તિગત તથા પ્રણાલીગત સ્તરે તેનો સામનો કરવાની રીતોને પ્રોત્સાહન આપવાનો છે.




1. તાજેતરમાં ડિસ્ટ્રોયર યુધ્ધ જહાજ વિશાખાપટ્ટનમને ભારતીય નૌસેનાને સોંપવામાં આવ્યું છે. આ જહાજનું નિર્માણ કયા પ્રોજેક્ટ અંતર્ગત થયું છે ?

(A) 15 A (B) 15 B (C) 15 C (D) 15 D **(B)**

2. પ્રોજેક્ટ B અંતર્ગતના જહાજોમાં નીચેના પૈકી કયા જહાજનો સમાવેશ થતો નથી ?

(A) INS વિશાખાપટ્ટનમ (B) INS મોર્મુગાઓ (C) INS બેંગ્લોર (D) INS ઈમ્ફાલ **(C)**

3. પ્રોજેક્ટ 15 Bને ________ કલાસ તરીકે પણ ઓળખવામાં આવે છે.

(A) વિશાખાપટ્ટનમ (B) જોધપુર (C) રંગપટ્ટનમ (D) કોહિમા **(A)**

4. તાજેતરમાં કોણે વ્હિસલ બ્લોઅર પોર્ટલ શરૂ કર્યુ છે ?

(A) IREDA (B) DRDO (C) NSDL (D) NMPTL **(A)**

5. ભારતમાં કોના જન્મદિવસ સપ્તાહ દરમિયાન 'તકેદારી જાગૃતિ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) શ્રી જવાહરલાલ નહેરુ (B) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ

(C) શ્રી લાલબહાદુર શાસ્ત્રી (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## National Sports Awards 2021

તાજેતરમાં યુવા બાબતો અને રમત મંત્રાલય દ્વારા 'રાષ્ટ્રીય રમત પુરસ્કાર 2021'ની જાહેરાત કરવામાં આવી હતી.

- ભારતના રાષ્ટ્રીય રમત પુરસ્કારોમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતના ખેલાડીઓને આપવામાં આવતા છ જુદા જુદા પુરસ્કારોનો સમાવેશ થાય છે.
- આ વર્ષે આ પુરસ્કારો માટે મોટી સંખ્યામાં નોમિનેશન્સ પ્રાપ્ત થયા હતા, જેને જસ્ટિસ (નિવૃત) શ્રી મુકુંદકામ શર્મા (સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ)ની અધ્યક્ષતાવાળી પસંદગી સમિતિ દ્વારા ધ્યાનમાં લેવામાં આવ્યા હતા.
- આ સમિતિની ભલામણોને આધારે અને યોગ્ય ચકાસણી પછી સરકારે પુરસ્કાર આપવાનું નક્કી કર્યું હતું.
- 'રાષ્ટ્રીય રમત પુરસ્કાર 2021'ની યાદી નીચે મુજબ દર્શાવી છે.

### મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ 2021

| ક્રમ | ખેલાડીનું નામ | રમત | રાજ્ય |
|---|---|---|---|
| 1. | શ્રી નીરજ ચોપરા | એથ્લેટિક્સ (જેવેલિન થ્રો) | હરિયાણા |
| 2. | શ્રી રવિ કુમાર | કુસ્તી | હરિયાણા |
| 3. | સુશ્રી લવલીના બોરગોહેન | બોક્સિંગ | આસામ |
| 4. | શ્રી શ્રીજેશ પી. આર | હોકી | કેરળ |
| 5. | સુશ્રી અવની લેખરા | પેરા શૂટિંગ | રાજસ્થાન |
| 6. | શ્રી સુમિત અંતિલ | પેરા એથ્લેટિક્સ (જેવેલિન થ્રો) | હરિયાણા |
| 7. | શ્રી પ્રમોદ ભગત | પેરા બેડમિન્ટન | બિહાર |
| 8. | શ્રી કૃષ્ણા નાગર | પેરા બેડમિન્ટન | રાજસ્થાન |
| 9. | શ્રી મનીષ નરવાલ | પેરા શૂટિંગ | હરિયાણા |
| 10. | સુશ્રી મિતાલી રાજ | ક્રિકેટ | રાજસ્થાન |
| 11. | શ્રી સુનિલ છેત્રી | ફૂટબોલ | તેલંગાણા |
| 12. | શ્રી મનપ્રીત સિંહ | હોકી | પંજાબ |

નોંધ : (1) મેજર ધ્યાનચંદ એવોર્ડ આ અગાઉ 'રાજીવ ગાંધી ખેલરત્ન એવોર્ડ' તરીકે ઓળખાતો હતો. જેનું તાજેતરમાં નામ બદલીને 'મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ' કરવામાં આવ્યું છે.

(2) ભારતમાં એક સાથે સૌથી વધુ 12 ખેલાડીઓને 'મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ' (અગાઉ રાજીવગાંધી ખેલરત્ન એવોર્ડ) એનાયત થયા હોય એવી આ પ્રથમ ઘટના છે.

INSTITUTE FOR COMPETITIVE EXAM

## અર્જુન એવોર્ડ 2021

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 1. | શ્રી અરપિન્દર સિંઘ | એથ્લેટિક્સ |
| 2. | સુશ્રી સિમરનજીત કૌર | બોક્સિંગ |
| 3. | શ્રી શિખર ધવન | ક્રિકેટ |
| 4. | સુશ્રી ભવાની દેવી | ફેન્સીંગ (તલવાર બાજ) |
| 5. | સુશ્રી મોનિકા | હોકી |
| 6. | સુશ્રી વંદના કટારીયા | હોકી |
| 7. | શ્રી સંદિપ નરવાલ | કબડ્ડી |
| 8. | સુશ્રી હિમાનીઉત્તમ પરબ | મલ્લખામ્બ |
| 9. | શ્રી અભિષેક વર્મા | શૂટિંગ |
| 10. | સુશ્રી અંકિતા રૈના | ટેનિસ |
| 11. | શ્રી દિપક પુનિયા | કુસ્તી |
| 12. | શ્રી દિલપ્રીત સિંહ | હોકી |
| 13. | શ્રી હરમન પ્રીત સિંહ | હોકી |
| 14. | શ્રી રૂપિન્દર પાલ સિંહ | હોકી |
| 15. | શ્રી સુરેન્દર કુમાર | હોકી |
| 16. | શ્રી અમિતરોહિ દાસ | હોકી |
| 17. | શ્રી બિરેન્દ્ર લકરા | હોકી |
| 18. | શ્રી સુમિત | હોકી |
| 19. | શ્રી નીલકાંત શર્મા | હોકી |
| 20. | શ્રી હાર્દિક સિંહ | હોકી |
| 21. | શ્રી વિવેકસાગર પ્રસાદ | હોકી |
| 22. | શ્રી ગુરજંત સિંહ | હોકી |
| 23. | શ્રી મનદીપ સિંહ | હોકી |
| 24. | શ્રી શમશેર સિંહ | હોકી |
| 25. | શ્રી લલિતકુમાર ઉપાધ્યાય | હોકી |
| 26. | શ્રી વરૂણ કુમાર | હોકી |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | | |
|---|---|---|
| 27. | શ્રી સિમરનજીત સિંહ | હોકી |
| 28. | શ્રી યોગેશ કથુનિયા | પેરા એથ્લેટિક્સ |
| 29. | શ્રી નિષાદ કુમાર | પેરા એથ્લેટિક્સ |
| 30. | શ્રી પ્રવિણ કુમાર | પેરા એથ્લેટિક્સ |
| 31. | શ્રી સુહાશ યથિરાજ | પેરા બેડમિન્ટન |
| 32. | શ્રી સિંહરાજ અધના | પેરા શૂટિંગ |
| 33. | સુશ્રી ભાવિનાબેન પટેલ | પેરા ટેબલ ટેનિસ |
| 34. | શ્રી હરવિન્દર સિંહ | પેરા તીરંદાજી |
| 35. | શ્રી શરદ કુમાર | પેરા એથ્લેટિક્સ |

## દ્રોણાચાર્ય એવોર્ડ 2021 લાઈફટાઈમ કેટેગરી

| ક્રમ | કોચનું નામ | રમત |
|---|---|---|
| 1. | શ્રી ટી.પી. ઓસેફ | એથ્લેટિક્સ |
| 2. | શ્રી સરકાર તલવાર | ક્રિકેટ |
| 3. | શ્રી સરપાલ સિંઘ | હોકી |
| 4. | શ્રી આશાન કુમાર | કબડ્ડી |
| 5. | શ્રી તપન કુમાર પાણિગ્રહી | સ્વિમિંગ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દ્રોણાચાર્ય એવોર્ડ 2021 રેગ્યુલર કેટેગરી

| ક્રમ | કોચનું નામ | રમત |
|---|---|---|
| 1. | શ્રી રાધાકૃષ્ણન નાયર પી | એથ્લેટિક્સ |
| 2. | સુશ્રી સંધ્યાગુરુંગ | બોક્સિંગ |
| 3. | શ્રી પ્રીતમ સિવાચ | હોકી |
| 4. | શ્રી જય પ્રકાશ નૌટિયાલ | પેરા શૂટિંગ |
| 5. | શ્રી સુબ્રમણ્યમ રમન | ટેબલ ટેનિસ |

## ધ્યાનચંદ એવોર્ડ 2021

| ક્રમ | ખેલાડીનું નામ | રમત |
|---|---|---|
| 1. | શ્રી કે.સી લેખા | બોક્સિંગ |
| 2. | શ્રી અભિજીત કુંટે | ચેસ |
| 3. | શ્રી દવિન્દર સિંહ ગરચા | હોકી |
| 4. | શ્રી વિકાસ કુમાર | કબડ્ડી |
| 5. | શ્રી સજ્જન સિંહ | કુસ્તી |

## રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર

| ક્રમ | કેટેગરી | રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર 2021 માટે ભલામણ કરાયેલ એન્ટિટી |
|---|---|---|
| 1. | ઉભરતા અને યુવા પ્રતિભાની ઓળખ કરવી અને તેમને ટ્રેનિંગ આપવી | માનવરચના શૈક્ષણિક સંસ્થા |
| 2. | કોર્પોરેટ સામાજિક જવાબદારી દ્વારા રમત ગમતને પ્રોત્સાહન | ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ |

## મૌલાના અબુલ કલામ આઝાદ (MAKA)ટ્રોફી

| ક્રમ | ટ્રોફીનું નામ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 1. | પંજાબ યુનિવર્સિટી | ચંદિગઢ |

નોંધ : (1) ભારતમાં સામાન્ય રીતે 29 ઓગસ્ટને 'નેશનલ સ્પોર્ટ્સ ડે'ના દિવસે 'રાષ્ટ્રીય રમત પુરસ્કાર' આપવામાં આવે છે.

(2) પરંતુ આ વર્ષે ઓલિમ્પિકનું આયોજન થયું હતું જેના કારણે પુરસ્કાર આપવામાં વિલંબ થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કયો પુરસ્કાર શા માટે એનાયત થાય છે ?

| ક્રમ | પુરસ્કારનું નામ | શા માટે / કોને એનાયત થાય છે ? |
|---|---|---|
| 1. | મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ | ચાર વર્ષના સમયગાળા દરમિયાન કોઈ એક ખેલાડી દ્વારા રમતના ક્ષેત્રમાં શ્રેષ્ઠ અને સૌથી ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આ એવોર્ડ એનાયત થાય છે. |
| 2. | અર્જુન એવોર્ડ | સતત ચાર વર્ષના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આ એવોર્ડ આપવામાં આવે છે. |
| 3. | દ્રોણાચાર્ય એવોર્ડ | પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય રમત ગમત કાર્યક્રમોમાં એવોર્ડ વિજેતા ખેલાડી તૈયાર કરવા માટે કોચને આ એવોર્ડ એનાયત થાય છે. |
| 4. | ધ્યાનચંદ એવોર્ડ | રમતના વિકાસમાં આજીવન યોગદાન માટે આ એવોર્ડ એનાયત થાય છે. |
| 5. | રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન | રમત ગમતના વિકાસ અને તેને પ્રોત્સાહન આપવામાં મહત્ત્વની ભૂમિકા નિભાવનાર જાહેર તથા ખાનગી કોર્પોરેટ સંસ્થાઓ અને વ્યક્તિઓને આ એવોર્ડ એનાયત થાય છે. |
| 6. | મૌલાના અબુલ કલામ આઝાદ (MAKA) ટ્રોફી | ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટમાં ઓવરઓલ ટોચનું પ્રદર્શન કરનાર યુનિવર્સિટીને આ એવોર્ડ એનાયત થાય છે. |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ

મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ એ રમતગમત ક્ષેત્રોનો ભારતનો સર્વોચ્ચ એવોર્ડ છે.

- આ એવોર્ડનો પ્રારંભ 1991-92 થી થયો હતો.
- અગાઉ આ એવોર્ડ 'રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ' તરીકે ઓળખાતો હતો પરંતુ ઓગસ્ટ 2021માં તેનું નામ બદલીને 'મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ' કરવામાં આવ્યું છે.
- ભારતના પ્રસિધ્ધ ચેસ ખેલાડી શ્રી વિશ્વનાથન આનંદને સૌપ્રથમ 1991-92માં આ એવોર્ડ એનાયત થયો હતો.
- આ એવોર્ડ વિજેતા ખેલાડીને એક મેડલ, પ્રશંસાપત્ર અને રૂ. 25 લાખ રોકડ પુરસ્કાર રકમ આપવામાં આવે છે.

## અર્જુન એવોર્ડ

ભારતમાં કેન્દ્ર સરકારના રમતગમત અને યુવા બાબતો અંગેના મંત્રાલય દ્વારા આ એવોર્ડ એનાયત થાય છે.

- આ એવોર્ડનો પ્રારંભ **1961** થી થયો હતો.
- આ એવોર્ડમાં વિજેતા ખેલાડીઓને અર્જુનની કાંસાની પ્રતિમા, પ્રશંસાપત્ર અને રૂ. 15 લાખ રોકડ પુરસ્કાર ઈનામ તરીકે આપવામાં આવે છે.

## 16મી પૂર્વ એશિયા સમિટ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 16મી 'પૂર્વ એશિયા સમિટ' (EAS)માં ભાગ લીધો હતો.

- 16મી પૂર્વ એશિયા સમિટમાં ઈન્ડો–પેસિફિક, દક્ષિણ ચીન સમુદ્ર, UNCLOS, આતંકવાદ અને કોરિયન પેનિનસુલા અને મ્યાનમારની સ્થિતિના મહત્વના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.
- આ સમિટમાં મુક્ત, ખુલ્લા અને સમાવિષ્ટ ઈન્ડો–પેસિફિક ક્ષેત્રમાં ASEAN કેન્દ્રીયતાના સિંધ્ધાત પર ભારતનું પુનઃ ધ્યાન કેન્દ્રિત કરવાની પૃષ્ટિ કરી હતી.
- આ ઉપરાંત તેમાં ઈન્ડો–પેસિફિક (AOIP) અને ભારતના ઈન્ડો–પેસિફિક મહાસાગર પહેલ (IPOI) પર ASEAN આઉટલુક વચ્ચેની તાલમેલની વર્તમાન સ્થિતિને પ્રકાશિત કરી હતી.
- વર્ષ 2022ના અંત સુધીમાં વૈશ્વિક પુરવઠો વધારવા માટે, ક્વાડ દેશો (ભારત, જાપાન, ઓસ્ટ્રેલિયા અને યુએસ)ની ભાગીદારીએ ભારતમાં રસીના ઓછામાં ઓછા 1 અબજ ડોઝનું ઉત્પાદન કરવામાં મદદ કરવા પ્રતિબધ્ધતા વ્યક્ત કરવામાં આવી છે.
- 'આસિયાન કોવિડ–19 રિકવરી ફંડ' માટે ભારતના 1 મિલિયન અમેરિકન ડોલરના સમર્થન બદલ આભાર વ્યક્ત કર્યો હતો.
- ભારત બહુપક્ષવાદ, નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, આંતરરાષ્ટ્રીય કાયદો અને તમામ દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાના સહિયારા મૂલ્યો માટે આદરને મજબૂત કરવા પ્રતિબધ્ધ છે.
- આ ઉપરાંત સાયબર સુરક્ષા પર વૈશ્વિક ધોરણો વિકસાવવા માટે પણ ચર્ચા કરવામાં આવી હતી.

## પૂર્વ- એશિયા સમિટ (EAS)

વર્ષ 2005માં સ્થપાયેલ ઈન્ડો–પેસિફિક ક્ષેત્રનો સામનો કરી રહેલા મુખ્ય રાજકીય, સુરક્ષા અને આર્થિક પડકારો પર વ્યૂહાત્મક સંવાદ અને સહકાર માટે 18 પ્રાદેશિક નેતાઓ (દેશો)નું એક મંચ છે.

- પૂર્વ એશિયા જૂથનો ખ્યાલ સૌપ્રથમ વર્ષ 1991માં તત્કાલીન મલેશિયાના વડાપ્રધાન મહાથિર બિન મોહમ્મદે રજૂ કર્યો હતો.
- પૂર્વ એશિયા સમિટના માળખામાં પ્રાદેશિક સહકારના છ અગ્રતા ક્ષેત્રને સમાવેશ થાય છે. જે નીચે મુજબ છે :

INSTITUTE FOR COMPETITIVE EXAMS




(1) પર્યાવરણ અને ઉર્જા

(2) શિક્ષણ

(3) નાણાં

(4) વૈશ્વિક આરોગ્ય મુદ્દાઓ અને મહામારીના રોગો

(5) કુદરતી આપત્તિ વ્યવસ્થાપન

(6) આસિયાન કનેક્ટિવિટી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સભ્યપદ**

**પૂર્વ એશિયા સમિટમાં ASEANના <u>દસ</u> સભ્યદેશો– બ્રુનેઈ, કંબોડિયન, ઈન્ડોનેશિયા, લાઓસ, મલેશિયા, મ્યાનમાર, ફિલિપાઈન્સ, સિંગાપોર, થાઈલેન્ડ અને વિયેતનામની સાથે અન્ય 8 દેશો ઓસ્ટ્રેલિયા, ચીન, જાપાન, ભારત, ન્યુઝિલેન્ડ, રિપબ્લિક ઓફ કોરિયા, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાનો સમાવેશ થાય છે.**

- **તે ASEAN દેશો પર કેન્દ્રિત એક મંચ છે, તેથી ASEAN સભ્ય જ તેની અધ્યક્ષતા કરી શકે છે.**
- **વર્ષ 2021 માટે તેમની અધ્યક્ષતા <u>બ્રુનેઈ દારૂસલામ</u> (Brunei Darussalam)એ કરી હતી.**

1. વર્ષ 2021માં ભારતમાં કુલ કેટલા ખેલાડીઓને 'મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) 6 (B) 7 (C) 10 (D) 12 — (D)

2. વર્ષ 2021માં ભારતમાં કુલ કેટલા ખેલાડીઓને 'અર્જુન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) 12 (B) 25 (C) 35 (D) 40 — (C)

3. વર્ષ 2021માં ભારતમાં કુલ કેટલા કોચને 'દ્રોણાચાર્ય એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) 5 લાઈફટાઈમ + 5 રેગ્યુલર = કુલ 10 (B) 5 લાઈફટાઈમ + 8 રેગ્યુલર = કુલ 13

(C) 8 લાઈફટાઈમ + 4 રેગ્યુલર = કુલ 12 (D) 8 લાઈફટાઈમ + 6 રેગ્યુલર = કુલ 14 — (A)

4. વર્ષ 2021માં ભારતમાં કુલ કેટલા ખેલાડીઓને 'ધ્યાનચંદ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) 5 (B) 10 (C) 12 (D) 14 — (A)

5. ભારતની કઈ યુનિવર્સિટીને તાજેતરમાં 'મૌલાના અબુલ કલામ આઝાદ ટ્રોફી' એનાયત થઈ છે ?

(A) JNU, દિલ્હી (B) બોમ્બે યુનિવર્સિટી (C) પંજાબ યુનિવર્સિટી (D) ગુજરાત યુનિવર્સિટી — (C)

6. વર્ષ 2021માં 'મેજર ધ્યાનચંદ ખેલરત્ન એવોર્ડ' વિજેતા મહિલા ક્રિકેટરનું નામ જણાવો ?

(A) સુશ્રી મિતાલી રાજ (B) સુશ્રી સ્મૃતિ મંધાના

(C) સુશ્રી હરમનપ્રીત કૌર (D) સુશ્રી શેફાલી વર્મા — (A)

7. નીચેના પૈકી કયા ક્રિકેટરને વર્ષ 2021નો 'અર્જુન એવોર્ડ' એનાયત થયો છે ?

(A) વિરાટ કોહલી (B) શીખર ધવન (C) રોહિત શર્મા (D) કે.એલ. રાહુલ — (B)

8. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેટલામી 'પૂર્વ એશિયા સમિટ' (ESA)માં ભાગ લીધો હતો ?

(A) 11મી (B) 12મી (C) 15મી (D) 16મી — (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 05 નવેમ્બર, વિશ્વ સુનામી જાગૃતિ દિવસ (World Tsunami Awareness Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 5 નવેમ્બરના રોજ 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ સુનામી જાગૃતિ દિવસની ઉજવણી 'સુનામી' જેવી ઘાતક આપત્તિ વિશે સામાન્ય લોકોને જાગૃત કરવાના ઉદ્દેશ્યથી કરવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ અનુસાર 'સુનામી' શબ્દ જાપાન માંથી આવ્યો છે, જ્યાં 'સુ' શબ્દનો અર્થ 'બંદર' અને 'નામી' શબ્દનો અર્થ 'તરંગ' (મોજા) થાય છે.
- ઘણીવાર મજબૂત ધરતીકંપ દરમિયાન સમુદ્રની પ્લેટ કેટલાક મીટર ખસે છે, જેના પરીણામે સમુદ્રની સપાટી પરનું પાણી મોટા મોજાના સ્વરૂપમાં ઉછળે છે.
- આ મજબૂત અને ઊંચા મોજાને સપાટી પર સુનામી કહેવામાં આવે છે.
- વર્ષ 2004માં હિંદ મહાસાગરમાં સૌથી ભયંકર સુનામી પછી સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ દર વર્ષે 5 નવેમ્બરને 'વિશ્વ સુનામી જાગૃતિ દિવસ' તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું.

## ભારતીય બોક્સર શ્રી આકાશ કુમારે AIBA 'વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ'માં બ્રોન્ઝ મેડલ જીત્યો

ભારતીય બોક્સર શ્રી આકાશ કુમાર (54 કિગ્રા)એ AIBA મેન્સ વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં 'બ્રોન્ઝ મેડલ' જીત્યો છે.

- નોંધનીય છે કે 'ઈન્ટરનેશનલ બોક્સિંગ એસોસિએશન' દ્વારા આયોજિત આ ચેમ્પિયનશિપને વિશ્વની સૌથી મોટી બોક્સિંગ ઈવેન્ટ્સમાંની એક ગણવામાં આવે છે.
- આ ચેમ્પિયનશિપનું આયોજન સૌપ્રથમ વર્ષ 1974માં ક્યુબામાં કરવામાં આવ્યું હતું.
- આ ચેમ્પિયનશિપમાં ભારતે અત્યાર સુધીમાં કુલ સાત મેડલ જીત્યા છે. જે નીચે મુજબ છે :

(1) શ્રી વિજેન્દર સિંઘ, બ્રોન્ઝ (2009)
(2) શ્રી વિકાસ કૃષ્ણ, બ્રોન્ઝ (2011)
(3) શ્રી શિવ થપ્પા, બ્રોન્ઝ (2015)
(4) શ્રી ગૌરવ બિધુરી, બ્રોન્ઝ (2017)
(5) શ્રી અમિત પંઘાલ, સિલ્વર (2019)
(6) શ્રી મનીષ કૌશિક, બ્રોન્ઝ (2019)
(7) શ્રી આકાશ કુમાર, બ્રોન્ઝ (2021)




INSTITUTE FOR COMPETITIVE EXAMS

# COP 26 સમિટ

ગ્લાસગોમાં ગ્લોબલ ક્લાઈમેટ મીટ (COP 26)ના પ્રથમ દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વને 1.5$^0$સે લક્ષ્યાંકને પ્રાપ્ત કરવા માટે પંચામૃત વ્યૂહરચનાનો પ્રસ્તાવ મૂક્યો હતો.

- COP 26 સમિટમાં નેતાઓએ વનનાબૂદી અને ધીમા આબોહવા પરિવર્તનને રોકવામાં મદદ કરવા દાયકાના અંત સુધીમાં મિથેન ઉત્સર્જન ઘટાડવાનું વચન આપ્યું છે.




## મિથેન પ્રતિજ્ઞા

યુરોપિયન યુનિયન અને અમેરિકાએ શક્તિશાળી ગ્રીનહાઉસ ગેસ મિથેનનું ઉત્સર્જન ઘટાડવા માટે ઐતિહાસિક પ્રતિજ્ઞા લીધી છે.

- જે ગ્લોબલ વોર્મિંગને 0.2$^0$C સુધી મર્યાદિત કરી શકે છે.
- ગઠબંધનના સભ્યો 2020ના સ્તરથી 2030 સુધીમાં મિથેનના વૈશ્વિક ઉત્સર્જનને 30% સુધી ઘટાડવાનો પ્રયત્ન કરશે.
- યુરોપિયન યુનિયન અને અમેરિકા ઉપરાંત 103 થી વધુ દેશોએ તેના પર હસ્તાક્ષર કર્યા છે, જેમાં નાઈજીરીયા અને પાકિસ્તાન જેવા મોટા મિથેન ઉત્સર્જકોનો સમાવેશ થાય છે.
- ચીન, રશિયા અને ભારતે સાઈન અપ કર્યુ નથી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પંચામૃત વ્યૂહરચના

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નીચેના 'પંચામૃત'નો પ્રસ્તાવ મુક્યો છે :

(1) ભારત 2030 સુધીમાં તેની બિન–અશ્મિભૂત ઉર્જા ક્ષમતા વધારીને 500 GW કરશે.

(2) ભારત 2030 સુધીમાં રિન્યુએબલ એનર્જી વડે તેની 50% ઉર્જા જરૂરિયાતો પૂરી કરશે.

(3) ભારત 2030 સુધીમાં કાર્બન ઉત્સર્જનમાં એક અબજ ટનનો ઘટાડો કરશે.

(4) ભારત 2030 સુધીમાં તેની કાર્બનની તીવ્રતામાં 45%નો ઘટાડો કરશે.

(5) ભારત 2070 સુધીમાં શુધ્ધ શૂન્ય ઉત્સર્જન (Net Zero Emission) પ્રાપ્ત કરશે.

નોંધ : (1) વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમની યોજનાને 'પંચામૃત' કહે છે, જેનો અર્થ 'પાંચ અમૃત' થાય છે.

(2) પરંપરાગત રીતે 'પંચામૃત'એ દૂધ, દહીં, ઘી, મધ, અને ગોળ એમ પાંચ કુદરતી ખાદ્ય ઘટકોને મિશ્રિત કરવાની એક પધ્ધતિ છે.

## વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ (OSOWOG)

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2 નવેમ્બર, 2021ના રોજ સૌર ઉર્જાની સધ્ધરતામાં સુધારો કરવા માટે 'વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ' (OSOWOG) માટે હાકલ કરી હતી.

- ભારત અને યુનાઈટેડ કિંગ્ડમ દ્વારા સૌર ઉર્જાનો ઉપયોગ કરવા અને સરહદો પાર એકીકૃત રીતે પ્રસારિત કરવાની આ પહેલ છે.
- તેમાં સરકારોના જૂથનો સમાવેશ થાય છે. જેને 'ગ્રીન ગ્રીડ ઈનિશિયેટિવ (GGI)- વન સન, વન વર્લ્ડ, વન ગ્રીડ' ગ્રુપ કહેવાય છે.
- GGIનો મુખ્ય ઉદ્દેશ્ય વૈશ્વિક ઉર્જા સંક્રમણને સરળ બનાવવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને માર્કેટ સ્ટ્રક્ચર્સમાં સુધારાઓને વેગ આપીને ધોરણોને પ્રાપ્ત કરવામાં મદદ કરવાનો છે.
- તે આધુનિક ઈજનેરીમાં પ્રગતિ કરવાની ક્ષમતા ધરાવે છે અને નવીનીકરણીય વીજળી ઉત્પાદનને વિસ્તારવા અને આગામી દાયકામાં આબોહવા પરિવર્તનને અસરકારક રીતે ઘટાડવામાં ઉત્પ્રેરક બની શકે છે.

## OSOWOGના ત્રણ તબક્કાઓ

OSOWOG પરથી ISAની કોન્સેપ્ટ નોટ મુજબ વૈશ્વિક સોલાર ગ્રીડ ત્રણ તબક્કાઓમાં લાગુ કરવામાં આવશે.

- તબક્કો– 1 : પ્રથમ તબક્કામાં ભારતીય ગ્રીડ મધ્ય–પૂર્વ, દક્ષિણ એશિયા અને દક્ષિણ–પૂર્વ એશિયા ગ્રીડને વીજળીની જરૂરિયાતોને પહોંચી વળવા માટે સૌર અને નવીનીકરણીય ઉર્જા સંસાધનોને શેર કરવા માટે જોડાશે, જેમાં પીક ડિમાન્ડનો સમાવેશ થાય છે.
- તબક્કો– 2 : ત્યારબાદ બીજા તબક્કામાં આફ્રિકાને જોડવામાં આવશે.
- તબક્કો– 3 : ત્રીજા તબક્કામાં OSOWOGના વિઝનને હાંસલ કરવા માટે પાવર ટ્રાન્સમિશન ગ્રીડના વૈશ્વિક ઈન્ટરકનેક્શનને આવરી લેવામાં આવશે.

## COP 26

COP 26 અથવા 2021 યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ એ 26મી યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્જ કોન્ફરન્સ છે.

- તે 31 ઓક્ટોબરે સ્કોટલેન્ડના ગ્લાસગોમાં શરૂ થયું હતું અને 12 નવેમ્બર 2021ના રોજ સમાપ્ત થશે.
- શ્રી અલોક શર્માની અધ્યક્ષતામાં તેનું આયોજન કરવામાં આવી રહ્યું છે.
- COP યુનાઈટેડ નેશન્સ ક્લાઈમેટ ચેન્જ ફ્રેમવર્ક કન્વેન્શન (UNFCCC) હેઠળ આવે છે, જેની રચના 1994માં થઈ હતી.
- વર્ષ 1995માં તેમની પ્રથમ બેઠક યોજાઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ‘વિશ્વ સુનામી જાગૃતિ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 5 નવેમ્બર (B) 6 નવેમ્બર (C) 7 નવેમ્બર (D) 8 નવેમ્બર **(A)**

2. તાજેતરમાં યોજાયેલ ‘વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ’માં નીચેના પૈકી કયા બોક્સરે બ્રોન્ઝ મેડલ ત્યો છે ?

(A) શ્રી આકાશ કુમાર (B) શ્રી આકાશ નાયર (C) શ્રી આકાશ અંતિલ (D) શ્રી આકાશ થપ્પા **(A)**

3. તાજેતરમાં COP 26નું આયોજન કયા સ્થળે કરવામાં આવ્યું હતું ?

(A) ન્યૂયોર્ક, અમેરિકા (B) ટોક્યો, જાપાન

(C) ગ્લાસગો, સ્કોટલેન્ડ (D) જકાર્તા, ઈન્ડોનેશિયા **(C)**

4. ભારત ______વર્ષ સુધીમાં ‘શુધ્ધ શૂન્ય ઉત્સર્જન’ (Net Zero Emission) પ્રાપ્ત કરશે.

(A) 2050 (B) 2060 (C) 2070 (D) 2080 **(C)**

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ COP 26માં કરેલી પંચામૃત યોજનાની જાહેરાત મુજબ ભારત કયા વર્ષ સુધીમાં તેની બિન–અશ્મિભૂત ઉર્જા ક્ષમતા વધારીને 500 GW કરશે ?

(A) 2023 (B) 2024 (C) 2026 (D) 2030 **(D)**

6. કયા વર્ષે COPની પ્રથમ બેઠક યોજાઈ હતી ?

(A) 1995 (B) 1997 (C) 1998 (D) 1999 **(A)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 06 નવેમ્બર, યુધ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણના શોષણને અટકાવવા માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ

## આદી શંકરાચાર્ય

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરાખંડના કેદારનાથમાં આદિ શંકરાચાર્યની 12 ફૂટની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.



### આદિ શંકરાચાર્ય

આદિ શંકરાચાર્યનો જન્મ કેરળના કોચી નજીક કલાદી નામના ગામમાં થયો હતો.

- તેમની માતાનું નામ આર્યઅંબા અને પિતા શિવગુરુ હતા.
- તેમના ગુરુ ગોવિન્દ યોગી હતા. તેમણે આદિ શંકરાચાર્યને 'પરમહંસ'ની ઉપાધી આપી હતી.
- તેમણે અદ્વૈતવાદનો સિંધ્ધાત રજૂ કર્યો હતો. તથા મહાભાષ્યની રચના કરી હતી.
- શંકરાચાર્યએ ભારતમાં ધર્મની એકતા માટે ભારતના ચાર ભાગોમાં ચાર મઠની સ્થાપના કરી હતી.
- શંકરાચાર્યને હિંદુ ધર્મના પુનઃસ્થાપક કહેવામાં આવે છે.

### શંકરાચાર્યના ચાર મઠ

| મઠ | સ્થાન |
|---|---|
| જ્યોતિ મઠ | બદ્રીકાશ્રમ (ઉત્તર ભારત) |
| વેદાંત મઠ | શ્રૃંગેરી (દક્ષિણ ભારત) |
| ગોવર્ધન મઠ | જગન્નાથ પુરી (પૂર્વ ભારત) |
| શારદા મઠ | દ્વારકા (પશ્ચિમ ભારત) |

## ડવેન બ્રાવોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ જાહેર કરી

વેસ્ટ ઈન્ડિઝના પ્રસિધ્ધ ઓલરાઉન્ડર ક્રિકેટર શ્રી ડવેન બ્રાવો (D.J. Bravo)એ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ જાહેર કરી છે.

- આ અગાઉ પણ તેમણે નિવૃત્તિ જાહેર કરી હતી. પરંતુ નિવૃત્તિ પાછી ખેંચી અને પુનરાગમન કર્યુ હતું.

### ડવેન બ્રાવો

શ્રી ડવેન બ્રાવોનો જન્મ 7 ઓક્ટોબર, 1983ના રોજ ત્રિનદાદ ખાતે થયો હતો.

- શ્રી ડવેન બ્રાવોએ વર્ષ 2004માં ઈંગ્લેન્ડ સામેની વન ડે મેચથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો.
- તેમણે વેસ્ટ ઈન્ડિઝ માટે 40 ટેસ્ટ, 164 વન ડે મેચ અને 90 T-20 મેચ રમી છે.
- જેમા તેમણે અનુક્રમે 2200, 2968 અને 1245 રન બનાવ્યા છે.
- તેઓ IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ તરફથી પણ રમી ચૂક્યા છે.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## SATURDAY Questions

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'યુધ્ધ અને સશસ્ત્ર સંઘર્ષમાં પર્યાવરણને અટકાવવા માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 4 નવેમ્બર (B) 5 નવેમ્બર (C) 6 નવેમ્બર (D) 7 નવેમ્બર — (C)

2. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળે આદિ શંકરાચાર્યની 12 ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યુ છે ?

(A) કેદારનાથ, ઉત્તરાખંડ (B) દ્વારકા, ગુજરાત

(C) પ્રયાગરાજ, ઉત્તરપ્રદેશ (D) તિરુવંતપુરમ, કેરળ — (A)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. શંકરાચાર્ય દ્વારા સ્થાપિત 'શારદા મઠ' કયા સ્થળે આવેલ છે ?

(A) ઉજ્જૈન (B) દ્વારકા (C) શ્રુંગેરી (D) જગન્નાથ પુરી — (B)

4. શંકરાચાર્ય દ્વારા સ્થાપિત 'ગોવર્ધન મઠ' કયા સ્થળે આવેલ છે ?

(A) બદ્રીકા શ્રમ (B) શ્રુંગેરી (C) જગન્નાથ પુરી (D) રામેશ્વરમ — (C)

5. તાજેતરમાં શ્રી ડવેન બ્રાવોએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃતિ જાહેર કરી છે. તેઓ કયા દેશના પ્રસિધ્ધ ઓલરાઉન્ડર ક્રિકેટર હતા ?

(A) શ્રીલંકા (B) વેસ્ટ ઈન્ડિઝ (C) દ. આફ્રિકા (D) ન્યુઝિલેન્ડ — (B)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# ONE LINER

## ગુજરાત

➤ **શ્રેષ્ઠ જાહેર પરિવહન વ્યવસ્થા : સુરત**

કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની તાજેતરમાં કરેલી જાહેરાત મુજબ સુરત શહેરને દેશની 'શ્રેષ્ઠ જાહેર પરિવહન વ્યવસ્થા' માટેનો એવોર્ડ મળ્યો છે, જ્યારે કોચીને સૌથી વધુ 'સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ' ધરાવતા શહેર તરીકે જાહેર કરવામાં આવ્યું છે. એક દિવસીય 'અર્બન મોબિલિટી ઈન્ડિયા કોન્ફરન્સ'ના અંતે આવાસ અને શહેરી બાબતોના મંત્રી હરદીપ સિંહ પુરીએ આ એવોર્ડ એનાયત કર્યા હતા. આ ઉપરાંત રાજધાની દિલ્હીને 'ચાંદની ચોક રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે શ્રેષ્ઠ નોન–મોટરાઈઝ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ' સાથે શહેર માટે એવોર્ડ મળ્યો હતો.

## ભારત

➤ **આઝાદી કા અમૃત મહોત્સવ : સંસ્કૃતિ મંત્રાલયે 3 સ્પર્ધાઓ શરૂ કરી**

આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે સંસ્કૃતિ મંત્રાલય દ્વારા આયોજીત રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે દેશભક્તિ ગીત લેખન, લોરી લેખન અને રંગોળી બનાવવાની ત્રણ દેશવ્યાપી સ્પર્ધાઓ તાલુકા કક્ષાથી લઈને રાષ્ટ્રીય સ્તર સુધી યોજાશે. આ સ્પર્ધાઓની જાહેરાત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 24 ઓક્ટોબર, 2021ના રોજ મન કી બાતમાં કરી હતી. રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે આ સ્પર્ધા માટેની એન્ટ્રીઓ બધા માટે ખોલવામાં આવી હતી. આ સ્પર્ધા થોડા મહિનાઓ સુધી '#UnityIncreativity' તરીકે ચાલુ રહેશે.

➤ **ફિનટેક માટે સેન્સર ઓફ એક્સેલન્સની સ્થાપના કરવામાં આવશે.**

વિજ્ઞાન અને ટેકનોલોજી અને કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી સી.એન અશ્વથ નારાયણના જણાવ્યા અનુસાર કર્ણાટક સરકાર રાજ્યમાં ફિનટેક (FinTech) અથવા ફાઈનાન્સિસયલ ટેકનોલોજી માટે સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરશે. મેંગ્લુરુ ટેકનોવાન્ઝાના ઉદ્ઘાટન સત્રને સંબોધતિ વખતે આ પગલાની જાહેરાત કરવામાં આવી હતી. સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના માટે સરકાર 12 કરોડ રૂપિયા ફાળવશે. આ ઉપરાંત કર્ણાટક સરકાર શહેરમાં એક સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક સ્થાપવાની પણ યોજના ધરાવે છે. તેની સ્થાપના કર્ણાટક સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન લિમિટેડની મદદથી કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **ઓડિશાએ ઈલેક્ટ્રક વાહનો માટે સંપૂર્ણ ટેક્સ મુક્તિની જાહેરાત કરી**

ઓડિશા સરકારે રાજ્યમાં ઈલેક્ટ્રિક (EVs) પર મોટર વાહન કર અને નોંધણી ફીની સંપૂર્ણ માફીની જાહેરાત કરી છે. ઈલેક્ટ્રિક વાહનોને ઝડપથી અપનાવવા પ્રોત્સાહિત કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ છૂટ ઓડિશા મોટર વ્હીકલ ટેક્સેશન એક્ટ હેઠળ આપવામાં આવી છે અને તે 2025 સુધી લાગુ રહેશે. રાજ્ય સરકારે ઓડિશા ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી મૂજબ ઈલેક્ટ્રિક વાહનોના ઉત્પાદકો, ખરીદદારો, બેટરીઓ અને ચાર્જિંગ સ્ટેશનો માટે કેટલાક પ્રોત્સાહનો પણ પ્રસ્તાવિત કર્યા છે.

➤ **ભાષા સંગમ પહેલ : એક ભારત શ્રેષ્ઠ ભારત**

તાજેતરમાં શિક્ષણ મંત્રાલયે રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી માટે એક ભારત શ્રેષ્ઠ ભારત (EBSB) કાર્યક્રમ હેઠળ વિવિધ પહેલ શરૂ કરી છે. ભાષા સંગમ પહેલ એ 22 ભારતીય ભાષાઓ (આઠમી અનુસૂચિની ભાષાઓ)ના દૈનિક ઉપયોગમાં મૂળભૂત વાક્યો શિખવવા માટે એક ભારત શ્રેષ્ઠ ભારત હેઠળ શિક્ષણ મંત્રાલયની પહેલ છે. તે નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આની પાછળનો વિચાર એ છે કે લોકોએ તેમની માતૃભાષા સિવાયની ભારતીય ભાષામાં મૂળભૂત વાતચીત કુશળતા પ્રાપ્ત કરવી જોઈએ. તે દીક્ષા, ઈ–પાઠશાળા અને 23 પુસ્તિકાઓ દ્વારા ઉપલબ્ધ છે. લોન્ચ કરાયેલી અન્ય પહેલોમાં ભાષા સંગમ મોબાઈલ એપ અને એક ભારત શ્રેષ્ઠ ભારત ક્વિઝ એપનો સમાવેશ થાય છે.

## વિશ્વ

➤ **યાહૂ (Yahoo)એ ચીનમાંથી બહાર નિકળવાનો નિર્ણય કર્યો**

પડકારરૂપ વ્યાપાર અને કાયદાકીય વાતાવરણને કારણે યાહૂએ 2 નવેમ્બર, 2021ના રોજ ચીનમાંથી બહાર નિકળવાનો નિર્ણય કર્યો છે. યાહૂએ 1 નવેમ્બર, 2021થી ચીનમાં તેની સેવા બંધ કરી દીધી છે. યાહૂએ આ નિર્ણય વપરાશકર્તાઓના અધિકારો અને મફત અને ખુલ્લા ઈન્ટરનેટ પ્રત્યેની તેની પ્રતિબધ્ધતાને ધ્યાનમાં રાખીને લીધો છે. ચાઈનીઝ સત્તાવાળાઓની ઈન્ટરનેટ સેન્સરશીપ પર કડક પકડ છે. ચીનમાં કાર્યરત કંપનીઓએ રાજકીય રીતે સંવેદનશીલ અથવા અયોગ્ય કીવોર્ડ્સ અને સામગ્રીને સેન્સર કરવાની જરૂર છે. તાજેતરમાં ચીને તેનો 'વ્યક્તિગત માહિતી સંરક્ષણ કાયદો' પણ અમલમાં મુક્યો છે, જે કંપનીઓ કઈ માહિતી એકત્રિત કરી શકે તેની મર્યાદા નક્કી કરે છે.

➤ **ઈન્ફ્લેટેબલ મિસાઈલ ડિટેક્શન સિસ્ટમ**

તાજેતરમાં ઈઝરાયલે એક વિશાળ 'ઈન્ફલેટેબલ મિસાઈલ ડિટેક્શન સિસ્ટમ'નું પરીક્ષણ શરૂ કર્યુ છે, જે ઉંચ ઊંચાઈ પરના જોખમોને શોધવા માટે રચાયેલ છે. ઈઝરાયલના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર વિશાળ 'બ્લિમ્પ' આકારની સિસ્ટમ તેના પ્રકારની પ્રથમ છે. તેને રાજ્યની માલિકીની 'ઈઝરાયલ એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝ'ની પેટા કંપની અને યુ.એસ એરોસ્ટેટ ઉત્પાદક TCOMના સહયોગથી વિકસાવવામાં આવી છે. નોંધનીય છે કે ઈઝરાયલ પાસે પહેલેથી જ અત્યાધુનિક મિસાઈલ સંરક્ષણ પ્રણાલી છે. જેનો આ વર્ષે 11 દિવસીય ગાઝા યુધ્ધ દરમિયાન સફળતાપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે સંસ્કૃતિ મંત્રાલયે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે કેટલી સ્પર્ધાઓ શરૂ કરી છે ? – 3
- ________ સરકાર રાજ્યમાં ફિનટેક (FinTech) અથવા ફાઈનાન્સિયલ ટેક્નોલોજી માટે સેન્ટર ઓફ એક્સેલન્સની સ્થાપના કરશે. – કર્ણાટક રાજ્ય
- તાજેતરમાં કઈ રાજ્ય સરકારે રાજ્યમાં ઈલેક્ટ્રિક વાહનો પર મોટર વાહન કર અને નોંધણી ફીની સંપૂર્ણ માફીની જાહેરાત કરી છે ? – ઓડિશા
- 'ભાષા સંગમ પહેલ'એ 22 ભારતીય ભાષાઓ (આઠમી અનુસૂચિની ભાષાઓ)ના દૈનિક ઉપયોગમાં મૂળભૂત વાક્યો શિખવવા માટે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' હેઠળ ________ મંત્રાલયની પહેલ છે. – શિક્ષણ
- કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયની તાજેતરમાં કરેલી જાહેરાત મુજબ કયા શહેરને 'શ્રેષ્ઠ જાહેર પરિવહન વ્યવસ્થા' માટેનો એવોર્ડ મળ્યો છે ? – સુરત
- કેન્દ્રીય આવાસ શહેરી બાબતોના મંત્રાલયની તાજેતરમાં કરેલી જાહેરાત મુજબ કયા શહેરને 'સસ્ટેનેબલ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ' ધરાવતા શહેર તરીકે જાહેર કરવામાં આવ્યું છે ? – કોચી
- તાજેતરમાં કઈ વેબ સેવા પ્રદાતાએ ચીનમાંથી બહાર નિકળવાનો નિર્ણય કર્યો છે ? – Yahoo
- તાજેતરમાં કયા દેશે 'ઈન્ફ્લેટેબલ મિસાઈલ ડિટેક્શન સિસ્ટમ'નું સફળ પરીક્ષણ કર્યુ છે ? – ઈઝરાયલ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




# Question Of this Week

1. રસીકરણને પ્રોત્સાહન આપવા માટે કયો દેશ 'હર ઘર દસ્તક' અભિયાન શરૂ કરવા જઈ રહ્યો છે ? – ભારત
(ભારતના કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક પ્રકાશન મુજબ 'હર ઘર દસ્તક' અભિયાન' ટૂંક સમયમાં ઓછા રસીકરણ દર ધરાવતા જિલ્લાઓમાં શરૂ થવા જઈ રહ્યું છે. તેનો ઉદ્દેશ લોકોને રસી આપવા માટે પ્રેરિત કરવાનો છે.)
2. ભારતના ચૂંટણી કમિશનર શ્રી સુશીલ ચંદ્રએ તાજેતરમાં કયા દેશની રાષ્ટ્રપતિની ચૂંટણીની દેખરેખ કરી હતી ? – ઉઝબેકિસ્તાન
3. પબ્લિક અફેર્સ ઈન્ડેક્સ (PAI 2021)માં કયું ભારતીય રાજ્ય ટોચ પર છે ? – કેરળ
4. તાજેતરમાં સમાચારોમાં રહેલ સ્વામી ફંડ (SWAMIH Fund)ના ફંડ મેનેજર કોણ છે ? – SBI Cap
(SBI Cap 'સ્પેશિયલ વિન્ડો ફોર એફોર્ડેબલ એન્ડ મિડ–ઈન્કમ હાઉસિંગ' (SWAMIH) ફંડના ફંડ મેનેજર છે. આ ફંડે મુંબઈમાં રહેણાંક પ્રોજેક્ટમાં કરેલા રોકાણમાંથી સંપૂર્ણપણે બહાર નીકળવાની જાહેરાત કરી છે.)
5. કઈ સંસ્થાએ 'The Road From Paris : India's Progress Towards its Climate Pledge'નામનો અહેવાલ બહાર પાડ્યો છે ? – નેચરલ રિસોર્સિસ ડિફેન્સ કાઉન્સિલ
6. અમેરિકાનું રાજ્ય જ્યોર્જિયાએ કઈ ભારતીય ભાષાને 'રાજ્યોત્સવ દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરી છે ? – કન્નડ
7. કયા કેન્દ્રીય મંત્રાલયે 'Deep Dive Online Training Program' શરૂ કર્યો છે ? – ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રાલય
8. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદ (EAC- PM)ના અધ્યક્ષ કોણ છે ? – શ્રી વિવેક દેબરોય
9. 'Joint Statistical Publication (JSP) 2021' અને 'JSP Snapshot 2021' કયા પ્રાદેશિક સંગઠનના પ્રકાશનો છે ? – BRICS
10. તાજેતરમાં સમાચારોમાં રહેલ 'Cook Strait' કયા દેશમાં આવેલું છે ? – ન્યુઝીલેન્ડ
11. ભારતનું કયું રાજ્ય સિંધુ નદી ડોલ્ફિનની વસતી ગણતરી શરૂ કરવા જઈ રહ્યું છે ? – પંજાબ
12. માહિતી અને પ્રસારણ મંત્રાલયે 'સિંગલ વિન્ડો ફિલ્મિંગ મિકેનિઝમ' બનાવવા માટે કયા મંત્રાલય સાથે સહયોગ કર્યો છે ? – રેલવે મંત્રાલય
13. કયો દેશ ગ્રીન પ્રોજેક્ટ માટે ફાઈનાન્સ કરવા માટે વિશ્વ બેંકને 'ઈન્ડિયા ગ્રીન ગેરંટી' પ્રદાન કરશે ? – યુકે
14. IIT ખડગપુરના સંશોધકોએ કટોલ L6 ચોન્ડ્રાઈટ ઉલ્કામાં કયા ખનીજની હાજરી શોધી છે ? – બ્રિજમેનાઈટ
15. તાજેતરમાં ભારતે ________ સેક્ટરમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC)ના પૂર્વીય સેક્ટરમાં નવી આર્મી એવિએશન બ્રિગેડની સ્થાપના કરી છે. – અરૂણાચલ પ્રદેશ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT